અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ ઓગસ્ટ ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ સુદ પૂનમ | અંક : ૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## ન્યૂઝ બ્રિફ

### અરનિયામાં બીએસએફના ગોળીબારમાં આતંકી ઠાર



। જમ્મુ, તા.૩૧ ।

જમ્મુ કાશ્મીરમાં સરહદ પરથી ઘૂસણખોરીના પ્રયાસો ચાલુ છે ત્યારે મોડી રાત્રે બીએસએફના જવાન દ્વારા વધુ એક ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા એક ઘૂસણખોરને ઠાર કરીને ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. સેના દ્વારા હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. જમ્મુ કાશ્મીરમાં છેલ્લા ઘણા સમયથી કેટલાક ઘૂસણખોરો ખોટી રીતે સરહદ પાર કરવાના પ્રયાસો કરી રહ્યા છે ત્યારે ગઈકાલે આવો જ એક પ્રયાસ બીએસએફના જવાને નિષ્ફળ કર્યો હતો અને એક ઘૂસણખોરને ઠાર કર્યો હતો. આ ઘૂસણખોરો અંધારાનો લાભ લઈને સરહદ પાર કરવાની કોશીશ કરે છે. ગઈકાલે અરનિયા સેક્ટરમાં રાત્રે ૧.૫૦ વાગ્યે સેનાના જવાન દ્વારા ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.

### નાઈજરમાં પ્રદર્શનકારીઓનો ફ્રેન્ચ દૂતાવાસ ઉપર હુમલો

। પેરિસ, તા.૩૧ ।

નાઈજરમાં હજારો લોકોએ લશ્કરી બળવાને ટેકો આપનારા ફ્રાન્સના પ્રભાવ સામે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. જેના કારણે ફ્રેન્ચ એમ્બેસીની સામે તંગ અને હિંસક દ્રશ્યો સર્જાયા હતા. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, બળવા સમર્થક પ્રદર્શનકારીઓએ અહીં ફ્રેન્ચ દૂતાવાસ પર હુમલો કર્યો અને પુતિન ઝિંદાબાદના નારા લગાવ્યા હતા.

### રેમી લ્યુસિડીનું ૬૮મા માળેથી પડી જતાં મોત થયું

। વોશિંગ્ટન, તા.૩૧ ।

ગગનચુંબી ઈમારતો પર ચઢી જઈને સેલ્ફી લેવા અને વીડિયોગ્રાફી કરવા માટે પ્રસિદ્ધ એવા રેમી લ્યુસિડીને લઈને એક આઘાતજનક અહેવાલ આવ્યા છે. ૩૦ વર્ષીય ફ્રેન્ચ ડેરડેવિલ અને સ્કાયક્રેપર જે તેમના દિલધડક કરતબ માટે જાણીતા હતા તેમનું ૬૮ માળની બિલ્ડિંગ પરથી પડી જવાને લીધે મોત નીપજ્યું છે. આ ઘટના હોંગકોંગમાં બની હતી. તેઓ હોંગકોંગમાં આવેલી એક રહેણાંક ઈમારત પર ચઢ્યા હતા.

## મરનારા લોકોમાં એક RPFનો ASI સહિત ૩ યાત્રી પણ હતા




# ગુજરાતથી મુંબઈ જતી ટ્રેનમાં ફાયરિંગ થતાં ૪ લોકોના મોત

## મીરા રોડ બોરીવલીની વચ્ચે જીઆરપી મુંબઈના જવાનોએ કોન્સ્ટેબલની ધરપકડ કરી લીધી છે

। મુંબઈ, તા.૩૧ ।

મહારાષ્ટ્રના પાલઘરમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. જયપુર મુંબઈ પેસેન્જર ટ્રેનમાં ગોળીબારમાં ચાર લોકોના મોત થયા છે. આ ટ્રેન ગુજરાતથી મુંબઈ જઈ રહી હતી. મરનારા લોકોમાં એક RPFનો ASI સહિત ૩ યાત્રી પણ હતા. આરપીએફના કોન્સ્ટેબલ ચેતને જ આ બધાને ગોળી મારી છે. ગોળીબારની ઘટના વાપીથી બોરીવલી મીરા રોડ સ્ટેશનની વચ્ચે થઈ હતી.

મીરા રોડ બોરીવલીની વચ્ચે જીઆરપી મુંબઈના જવાનોએ કોન્સ્ટેબલની ધરપકડ કરી લીધી છે. વાપી-સુરતની વચ્ચે ચાલતી ટ્રેનમાં ફાયરિંગ થતાં ૪ લોકોના મોત થઈ ગયા છે. જયપુર-મુંબઈ એક્સપ્રેસમાં ફાયરિંગ થતાં હડકંપ મચી ગયો હતો. ગુજરાતના વાપીથી મુંબઈ તરફ જતી ટ્રેનમાં આરપીએફ જવાન ચેતન સિંહે ફાયરિંગ કર્યું હતું. તેણે પોતાની જ રાઈફલથી ગોળીબાર કર્યો હતો. હાલમાં એ જાણવા નથી મળ્યું કે, આરોપીએ કેમ આવું કર્યું અને ગોળીઓ ચલાવી. સારી વાત એ છે કે, ગોળીબારમાં વધુ લોકોને નુકસાન નથી થયું. જેવી ટ્રેન ચાલુ થઈ કે ટ્રેનમાં ગોળીબાર થતાં હડકંપ મચી ગયો છે. હાલમાં પોલીસે ટ્રેન યાત્રીઓના નિવેદન નોંધી લીધા છે. પોલીસ આ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.

પશ્ચિમ રેલવેએ આ સંબંધમાં એક નિવેદન જાહેર કર્યું છે. નિવેદનમાં કહેવાયું છે કે, પાલઘર સ્ટેશન પાર કર્યા બાદ એક આરપીએફ કોન્સ્ટેબલે જયપુર એક્સપ્રેસ ટ્રેનની અંદર ગોળીબાર કરી દીધો હતો. તેણે એક આરપીએફ એએસઆઈ અને ત્રણ અન્ય પેસેન્જરને ગોળી મારી દીધી હતી. દહિસર સ્ટેશન નજીક ટ્રેનમાંથી બહાર કૂદી ગયો હતો. આરોપી સિપાહીને હથિયાર સહિત ધરપકડ કરી લીધો છે. કોચમાં બનેલી ફાયરિંગની ઘટના કઈ રીતે બની તે મામલે હવે મુસાફરોની પૂછપરછ કરવામાં આવી શકે છે. આ ઘટના બનવા પાછળનું કારણ શું છે તે અંગે પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે. ત્યારે રેલવે તથા સ્થાનિક પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસમાં મહત્વના ખુલાસા થઈ શકે છે.

ફાયરિંગ બાદ આરોપીએ ભાગવાની કોશિશ કરી હોવાની વિગતો પણ મળી રહી છે. જોકે, તેને પકડી લઈને પોલીસે તપાસ શરુ કરી છે. આ ઘટનામાં મૃત્યુ પામેલા RPFના ASI સહિત ત્રણ મુસાફરોના મૃતદેહ બોરીવલી સ્ટેશન પર ઉતારીને પોસ્ટમોર્ટમ સહિતની વધુ તપાસ હાથ ધરવામાં આવશે. ધડાધડ ફાયરિંગ ચાલુ ટ્રેનમાં કરાયું જેમાં નિર્દોષ મુસાફરોના મોત થયા હોવાનું હાલ માનવામાં આવી રહ્યું છે. ચેતન અને ASI ટીકા રામ વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બન્ને વચ્ચે છૂટ્ટા હાથની મારામારી થઈ હોવાની વિગતો પણ મળી રહી છે.

જોકે, આ પછી આરોપી ચેતન વધુ આવેગમાં આવી જતા તેણે ફાયરિંગ કરી દીધું હતું. જેમાં છજીૈં ટીકા રામ સહિત ત્રણ મુસાફરોના મોત થઈ ગયા છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. મીરા રોડ પર બનેલી આ ફાયરિંગની ઘટના વહેલી સવારે બની છે જેના કારણે ઘણાં સવાલો ઉઠી રહ્યા છે. આ મામલે પોલીસે વધુ તપાસ શરુ કરી છે. મૃત્યુ પામેલા મુસાફરો ક્યાં જઈ રહ્યા હતા અને તેમની આ ફાયરિંગની ઘટનામાં કોઈ ભૂમિકા હતી કે તેઓ મામલો શાંત પાડવા માટે વચ્ચે પડ્યા હતા તે સહિતની બાબતોની તપાસ કરવામાં આવી રહી છે.

### મધ્યપ્રદેના રીવામાં શ્રાવણના ચોથા સોમવારે દુર્ઘટના

## શિવ મંદિરમાં વીજળીનો તાર પડતાં ૧૫થી વધુ શ્રદ્ધાળુને ઈજા

### ૩૦૦૦થી વધુ ભક્તો દર્શન માટે આવ્યા હતા, વીજળીનો તાર પડ્યો અને કરંટ ફેલાતાં મંદિરમાં નાસભાગ મચી

। રીવા, તા.૩૧ ।

મધ્યપ્રદેશના રીવામાં આજે શ્રાવણના ચોથા સોમવારે મોટી દુર્ઘટના સામે આવી છે. અહીં શિવ મંદિરમાં દર્શનાર્થે આવેલા શ્રદ્ધાળુઓ પર વીજળીનો તાર પડતા નાસભાગ મચી છે. કરંટ લાગતાં ૧૫થી વધુ શ્રદ્ધાળુઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે ચારની હાલત અતિ ગંભીર છે. ઈજાગ્રસ્તોને શહેરના સંજય ગાંધી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. રીવાનાં દેવતાલાબમાં લૌર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા શિવ મંદિરમાં આ ઘટના બની છે. આજે શ્રાવણનો ચોથો સોમવાર હોવાથી ઘણા રાજ્યોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે, ત્યારે રિવામાં આવેલા શિવ મંદિરમાં પણ ૩૦૦૦થી વધુ ભક્તો દર્શન માટે આવ્યા હતા. જ્યારે વીજળીનો તાર પડ્યો અને કરંટ ફેલાયો તો મંદિરમાં નાસભાગ મચી હતી. હાલ કલેક્ટર પ્રતિભા પાલ અને એસપી વિવેક સિંહ ઘટના સ્થળે પહોંચી તપાસ કરી રહ્યા છે.

ઈજાગ્રસ્તોને જિલ્લાના મઉગંજ, નઈ ગડી, દેવતાલાબની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મધ્ય પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે ટ્વિટ કરીને કહ્યું કે, હું તમામ શ્રદ્ધાળુઓ જલ્દી સાજા થાય તેવી પ્રાથના કરું છું. દરમિયાન આ ઘટના અંગે નજરે જોનારા રામાયણ પ્રસાદ મિશ્રાએ કહ્યું કે, આ ઘટના સવારે ૧૧.૩૦ કલાકે બની છે. ચરણ તલૈયાની બાજુમાં આવેલી ગલીથી મંદિર તરફ જવાના માર્ગે આ ઘટના બની... નીચે પાણી હોવાના કારણે કરંટ ફેલાયો... આ ઘટનામાં રામાયણ પ્રસાદ મિશ્રાની પત્ની ઈજાગ્રસ્ત થઈ છે, જેમને રીવા હોસ્પિટ લઈ જવાયા છે.

### આ વખતે મોસમનો મિજામ વિચિત્ર નજર આવી રહ્યો છે

## યુપીના કેટલાક જિલ્લામાં દુષ્કાળ, કેટલાક જિલ્લામાં પૂરથી હાહાકાર

### રાજ્યના ઘણા સ્થળોએથી લોકોનું સ્થળાંતર જ્યારે ઘણી જગ્યાએ ગ્રામજનો પલાયનની તૈયારી કરી રહ્યા છે

। લખનૌ, તા.૩૧ ।

આ વખતે મોસમનો મિજામ કંઈક વિચિત્ર નજર આવી રહ્યો છે. રાજ્યના કેટલાક જિલ્લાઓ દુષ્કાળની ઝપેટમાં આવી રહ્યા છે, જ્યારે કેટલાક જિલ્લાઓમાં નદીઓમાં આવેલા પૂરના કારણે હાહાકારની મચી ગયો છે. ઘણા સ્થળોએથી લોકોએ સ્થળાંતર કરીને પાળા પર પડાવ નાખ્યા છે જ્યારે ઘણી જગ્યાએ ગ્રામજનો પલાયનની તૈયારી કરી રહ્યા છે. બીજી તરફ હવામાન વિભાગનું કહેવું છે કે આ અઠવાડિયે વરસાદ પડશે. આવી સ્થિતિમાં આ વખતે લોકો પૂર અને દુષ્કાળ બંનેનો સામનો કરી રહ્યા છે.

બદાયુમાં ગંગાનું જળ સ્તર ૧૨ વર્ષના રેકોર્ડ બાદ હવે સ્થિર છે. ફરુંખાબાદ અને નરોરા બુલંદશહરમાં પણ આવી જ સ્થિતિ છે. પ્રયાગરાજમાં યમુના નદીમાં પૂર છે. લખીમ પુર ખેરીના શારદામાં પાણી સતત વધી રહ્યું છે. એનસીઆર ક્ષેત્રમાં યમુનામાં પુષ્કળ પાણી છે અને દરિયાકાંઠાના ગામોમાં પૂરની સ્થિતિ છે. બીજી તરફ આ વખતે જિલ્લામાં સરેરાશ કરતાં ૨૫ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. જો થોડા દિવસોમાં વરસાદ નહીં પડે તો દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાશે.સીતાપુરમાં સરયૂ અને શારદા નદીના વહેણને કારણે ગયા અઠવાડિયે સરયૂનું જળ સ્તર ખતરાના નિશાનને પાર કરી ગયું હતું. જેના કારણે મહેમુદાબાદ તહસીલ વિસ્તારના ૩૦ ગામો પૂરના પાણીથી ઘેરાઈ ગયા હતા. જો કે પાણીની સપાટીમાં ૩૦ સેમીનો ઘટાડો થયો છે અને રસ્તાઓ અને ગામોની આસપાસ ભરાયેલા પાણીમાં ઘટાડો થયો છે પરંતુ લગભગ ૪૦૦ વીઘા ખેતરો હજુ પણ પૂરની ચપેટમાં છે. ખેડૂતોનું કહેવું છે કે વરસાદ થયો છે જેના કારણે ડાંગરની રોપણીમાં ફાયદો થયો છે.

બારાબંકીમાં પૂરથી રામસનેહીઘાટ, સિરૌલીગૌસપુર અને રામનગર તાલુકામાં ૧૦૦થી વધુ ગામો પ્રભાવિત થયા છે. છેલ્લા ૪૦ દિવસથી સરયુ નદીનું જળસ્તરમાં ઘટાડો-વધારો થઈ રહ્યો છે. નદી કિનારે વસેલા ૩૫ જેટલા ગામોના ગ્રામજનોએ પોતાનો સામાન બાંધીને બેઠા છે.

### મણિપુર મુદ્દે વિપક્ષ સરકારને ઘેરવા પ્રતિબદ્ધ

## લોકસભામાં બીજી ઓગસ્ટે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા

### વડાપ્રધાને અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપવાનો હોય છે, વિપક્ષો આ જ હેતુથી આ પ્રસ્તાવ લાવ્યા છે

। નવી દિલ્હી, તા.૩૧ ।

મણીપુર મુદ્દે સરકારને ઘેરવા વિપક્ષ પૂરેપૂરું જોર લગાડી રહ્યું છે. આ દરમિયાન અહેવાલ અનુસાર એવી માહિતી મળી રહી છે કે, લોકસભામાં ૨ ઓગસ્ટે મોદી સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ મુખ્ય વિપક્ષ કોંગ્રેસ દ્વારા લાવી શકાય તેવી શક્યતા છે. સુત્રો આધારે સ્પીકર ઓમ બિરલાની આગેવાની હેઠળની લોકસભાની બિઝનેસ એડવાઈઝરી કમિટી (બીએસી) સપ્તાહના કામકાજને અંતિમ સ્વરૂપ આપવા સોમવારે મળવાની સંભાવના છે. આ બેઠક દરમિયાન અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા માટે ૨ ઓગસ્ટની તારીખ નક્કી કરવામાં આવી શકે છે.

તેમણે માહિતી આપી હતી કે સોમવારે બીએસીની બેઠક યોજાવાની છે, જ્યારે વડાપ્રધાન ૧ ઓગસ્ટના રોજ પુણેની એક દિવસીય મુલાકાતે આવશે, તેથી અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા ૨ ઓગસ્ટથી શરૂ થવાની શક્યતા છે. નિયમો અનુસાર વડાપ્રધાને અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપવાનો હોય છે. વિપક્ષ આ જ હેતુથી આ પ્રસ્તાવ લાવ્યા છે, જેથી વડાપ્રધાનને સળગતા મુદ્દાઓ પર બોલવાની ફરજ પડી છે. અવિશ્વાસ પ્રસ્તાવને લોકસભાના અધ્યક્ષે ૨૬ જુલાઈએ સ્વીકારી લીધો હતો. કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ દ્વારા નિયમ ૧૯૩ હેઠળ લાવવામાં આવેલ પ્રસ્તાવમાં કહ્યું કે, તેમને કેન્દ્રીય મંત્રી પરિષદમાં કોઈ વિશ્વાસ નથી. એકવાર સ્પીકરે અવિશ્વાસ પ્રસ્તાવની પ્રાપ્તિની ઘોષણા કરી, તેમણે આ પગલાને સમર્થન આપતા સાંસદોની સંખ્યા જાણવા માંગી.


સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !



CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



ઈસકોન બ્રિજ પર કરેલા અકસ્માતના આરોપી તથ્યને સેટેલાઈટ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો.

### રાજ્યના ૨૦૭ ડેમમાં પાણીનો જથ્થો

# સૌરાષ્ટ્રના ૪૬ ડેમ, કચ્છના ૧૦ ડેમ સંપૂર્ણ ભરેલા છે

## મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૪૫.૨ ટકા જથ્થો છે, સરદાર સરોવર ડેમમાં ૭૨.૮૪ ટકા પાણીનો જથ્થો છે

| અમદાવાદ, તા.૩૧ |

રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ ૮૩ ટકા વરસાદ નોંધાયો છે, ત્યારે રાજ્યના ૨૦૭ ડેમમાં કુલ ૬૯.૭૩ ટકા પાણીનો જથ્થો છે. ગુજરાતના કુલ ૨૦૭ પૈકી ૬૧ ડેમ સંપૂર્ણ ભરેલા છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમ પૈકી ૪૬ ડેમ સંપૂર્ણ ભરેલા છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૮૧.૮૫ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ પૈકી ૩ ડેમ સંપૂર્ણ ભરેલા છે. દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૬૯.૫૪ ટકા જથ્થો છે.



કચ્છના ૨૦ ડેમ પૈકી ૧૦ ડેમ સંપૂર્ણ ભરેલા છે. કચ્છના ૨૦ ડેમમાં ૬૬.૮૬ ટકા પાણીનો જથ્થો છે. ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૬૯.૨૬ ટકા જથ્થો છે. મધ્ય ગુજરાતના ૧૭ પૈકી ૨ ડેમ સંપૂર્ણ ભરેલા છે. મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૪૫.૨ ટકા જથ્થો છે. સરદાર સરોવર ડેમમાં ૭૨.૮૪ ટકા પાણીનો જથ્થો છે. તાપીના ઉકાઈમાં સતત પાણીની આવક થઈ રહી છે. ઉકાઈ ડેમમાં ૫૨,૨૪૧ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જ્યારે ઉકાઈ ડેમની સપાટી ૩૩૩.૨૧ ફુટે પહોંચી છે. હાલ ઉકાઈ ડેમનું રૂલ લેવલ જાળવવા ૩ હાઈડ્રો મારફતે ૨૩,૪૦૦ ક્યુસેક પાણી તાપી નદીમાં છોડાઈ રહ્યું છે. હાલનું ઉકાઈ ડેમનું રૂલ લેવલ ૩૩૩ ફુટ છે, જ્યારે ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફુટ છે. મહેસાણાના ધરોઈ ડેમનો બીજો ગેટ ખોલાયો છે. ડેમમાંથી નદીમાં ૯૨૩૬ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. હાલ ડેમમાં ૯૨૮૬ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જ્યારે હાલ ધરોડાઈ ડેમની સપાટી ૬૧૯ ફૂટ છે. ધરોઈ ડેમમાંથી સાબરતમી નદીમાં પાણી છોડાયું છે. જેના પગલે સાબરમતી કાંઠા વિસ્તારોને તંત્રએ એલર્ટ કર્યા છે.

સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, બનાસકાંઠાના તંત્રને જાણ કરાઈ છે. ખેડા, આણંદ, મહેસાણા જિલ્લાના કલેક્ટરોને પણ જાણ કરવામાં આવી છે. હાલ ગુજરાત પર ચોમાસાની વરસાદ આપનારી કોઈ સિસ્ટમ સક્રિય નથી પરંતુ રાજ્યમાં વરસાદી માહોલ બનેલો છે, રાજ્યમાં છૂટો છવાયો વરસાદ નોંધાઈ રહ્યો છે. જેમાં અમદાવાદ સહિતના ભાગોમાં વરસાદ જોવા મળ્યો હતો. હવામાન વિભાગે આગાહી કરીને આજે પણ વરસાદી માહોલ રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગે આજે પણ અમદાવાદ સહિતના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. આ સાથે દરિયામાં પણ હલચલ રહેવાની શક્યતાઓ સાથે માછીમારોને ચેતવણી આપવામાં આવી છે.

### ડ્રાઇવરે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા બસ પલટી મારી હોવાની ચર્ચા

# સુરત જઈ રહેલી મુસાફરો ભરેલી લક્ઝરી બસ પલટી જતાં ૧૦થી વધુ ઘાયલ થયા

## ૧૦થી વધુ ઘાયલ, ઉમરાળાના પરવાળા ગામ પાસે બનાવ, ગારિયાધારથી સુરત જઈ રહી હતી લક્ઝરી બસ

| ભાવનગર, તા.૩૧ |

ભાવનગર શહેરમાં ખાનગી લક્ઝરી બસને અકસ્માત નડ્યો હોવાની ઘટના સામે આવી છે. લક્ઝરી બસ પલટી જતાં ૧૦થી વધુ લોકોને ઈજા પહોંચી છે. અકસ્માતની આ ઘટના ઉમરાળાના પરવાળા ગામ પાસે બની હતી. બસ ગારિયાધારથી સુરત જઈ રહી હતી, ત્યારે અકસ્માત નડ્યો હતો. સંતભૂમિ નામની ખાનગી લક્ઝરી બસ પલટી મારી ગઈ હતી. બસ પલટતા ૧૦થી વધુ પ્રવાસીઓ ઘાયલ થયા છે, જ્યારે ઘાયલોને ભાવનગરની હોસ્પિટલમાં ખસેડાયા છે. ગારીયાધારથી સુરત જઈ રહેલી ખાનગી લક્ઝરી બસ પલટી જતાં મુસાફરોને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ગારીયાધારથી સુરત જતી ખાનગી બસ ઉમરાળા



તાલુકાના પરવાળા ગામ પાસે પલટી મારી. ડ્રાઈવરે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા બસ પલટી મારી હોવાની ચર્ચા. ઈજાગ્રસ્તોને સારવાર માટે ટીંબી હોસ્પિટલ અને ભાવનગર હોસ્પિટલ ખાતે ખસેડાયા છે.

### ગાંજાના છોડ મામલે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાયો

| રાજકોટ, તા.૩૧ |

મારવાડી કોલેજ ગાંજા કેસમાં પોલીસે ગુનો નોંધતા કોલેજમાં ચાલતા કાળા કારનામાનો પર્દાફાશ થયો છે. એપ્રિલ માસમાં ગાંજો મળવાના કેસમાં અંતે ફરિયાદ નોંધાઈ છે. જો કે આ કેસમાં પોલીસની કામગીરી સવાલોના ઘેરામાં છે. પોલીસે મારવાડી યુનિવર્સિટીમાંથી મળેલા ગાંજાનો છોડ મામલે કોઈ વ્યક્તિ નહિ પરંતુ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો છે તો પોલીસ કોને બચાવવા માંગે છે તે મોટો સવાલ છે. આ તરફ એનડીપીએસનો મામલો હોવાથી આ ઘટનાની તપાસ એસઓજીને સોંપવામાં આવી છે. રાજકોટ સાયબર ક્રાઈમના એસીપી વિશાલ રબારીનું કહેવું છે કે, એફએસએલના રિપોર્ટ બાદ હવે હોસ્ટેલની નજીક ગાંજો કઈ રીતે આવ્યો તેની તપાસ હાથ ધરાશે.

### ટ્રાન્સમિશન-ડિસ્ટ્રિબ્યુશન લોસ ઘટાડવામાં મદદ મળશે

# રાજ્ય સરકારે ૬૦ લાખ સ્માર્ટ મીટરના ઓર્ડર આપ્યા

## પ્રથમ તબક્કામાં આ મીટર ગાંધીનગરની સરકારી કચેરીઓ અને રાજ્યભરની અન્ય સરકારી કચેરીઓમાં લગાવાશે

| અમદાવાદ, તા.૩૧ |

હવે પ્રીપેડ ઈલેક્ટ્રિક મીટર ટૂંક સમયમાં રાજ્યભરના ઘરોમાં વાસ્તવિકતા બની જશે અને આ સાથે જ ગુજરાત સ્માર્ટ મીટર ધરાવતું દેશનું છઠ્ઠું રાજ્ય બનશે. અહેવાલ અનુસાર રાજ્ય સરકારે ૬૦ લાખ સ્માર્ટ મીટરનો ઓર્ડર આપ્યો છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે પ્રથમ તબક્કામાં આ મીટર ગાંધીનગરની સરકારી કચેરીઓ અને રાજ્યભરની અન્ય સરકારી કચેરીઓમાં લગાવવામાં આવશે. આનાથી મીટરની કાર્યક્ષમતા ચકાસવામાં મદદ મળશે જે પછી ખાનગી મિલકતોમાં ઈન્સ્ટોલ કરવામાં આવશે. એકવાર આ મીટરનું કામકાજ યોગ્ય જણાય તો તેને ઘરેલુ ગ્રાહકો માટે સ્થાપિત કરવામાં આવશે. ઈન્સ્ટોલેશન તબક્કાવાર હાથ ધરવામાં આવશે. શરૂઆતમાં મોટા શહેરોમાં મીટર લગાવવામાં આવશે.

સ્માર્ટ મીટર વેબ-આધારિત મોનિટરિંગ સિસ્ટમ દ્વારા જોડાયેલા છે જે યુટિલિટીઝના કોમર્શિયલ નુકસાનને ઘટાડવામાં, આવક વધારવામાં અને પાવર સેક્ટરના સુધારામાં એક મહત્વપૂર્ણ સાધન તરીકે સેવા આપવા માટે મદદ કરશે. એક અધિકારીએ જણાવ્યું કે, આ ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન લોસ ઘટાડવામાં મદદ કરે છે. એનર્જી એફિશિયન્સી સર્વિસીસ લિમિટેડ (ઈઈએસએલ), જે રાજ્ય સંચાલિત વીજ કંપનીઓનું જોઈન્ટ વેન્ચર છે, હાલમાં વિતરણ કંપનીઓ (ડીઆઈએસસીઓએમએસ)ની બિલિંગ અને સંગ્રહ કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો કરવા સ્માર્ટ મીટરિંગ પ્રોગ્રામનો અમલ કરી રહી છે. મીડિયા રિપોર્ટ અનુસાર સ્માર્ટ મીટરની ખાસ વાત એ છે કે તેને મોબાઈલ ટીવીની જેમ રિચાર્જ કરવું પડશે, જેટલું રિચાર્જ થશે તેટલી વધુ વીજળી મળશે.

# પાક વીમાના નામે સાવ નજીવી રકમ મળતા ખેડુતોમાં નારાજગી

| રાજકોટ, તા.૩૧ |

તાજેતરમાં ખેડૂતોને ગત વર્ષ ૨૦૧૯ના પાક વીમા મળી રહ્યા છે. જેમાં વીમા કંપનીએ રાજ્ય સરકારની સબસીડી ચૂકવણી પછી વધારાનો દાવો ચૂકવવામાં આવશે તેવી વિગતો જણાવતા ખેડૂતો અસમંજસમાં મૂકાયા છે.

આ બાબતે ગુજરાત કિસાન કોંગ્રેસનાં ચેરમેન પાલભાઈ આંબલિયાએ રાજયના કૃષિ મંત્રીને પત્ર પાઠવી તાકીદે સ્પષ્ટતા કરવા જણાવ્યું છે. ગુજરાત કિસાન કોગ્રેસના ચેરમેન પાલ આંબલીયા દ્વારા પત્રકાર પરીષદમાં માહિતી આપતા જણાવ્યુ હતુ કે, છેલ્લા એક સપ્તાહથી ગુજરાતનાં અલગ-અલગ જિલ્લા/તાલુકાઓને પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનો ૨૦૧૯ વીમાનો દાવો ૯૨૯૧.૫૦ તમારા ખાતામાં જમા મોકલવામાં આવ્યા છે. રાજય સરકાર દ્વારા બાકી સબસીડી ચુકવાની પછી રૂપિયા .૯૨૯૧.૫૦નો વધારાનો દાવો ચૂકવવામાં આવશે તેવા મેસેજ ખેડૂતોને આવી રહ્યા છે. ત્યારે સવાલ એ છે કે આ પાક વીમો આંશિક છે કે પૂર્ણ? કર્યા તાલુકામાં કેટલો વીમો મંજૂર થયો? ગામના બધા જ ખેડૂતોને બદલે અમુક ખેડૂતોને વીમો કેમ? વીમો ક્રોપ કટીંગ કમોસમી વરસાદ કે પછી અતિવૃષ્ટિનો છે? તેની પણ સ્પષ્ટતા નથી.'

## વિશેષ લેખ

### ઇસરોની વધુ એક સિદ્ધિ : એક સાથે સાત ઉપગ્રહોનું પ્રક્ષેપણ

# ઇસરોએ લોન્ચ કરેલા સેટેલાઇટ ગમે તેવા હવામાનમાં કામ કરવા સક્ષમ છે

## જેમાં ૧ સ્વદેશી અને સિંગાપોરના છ ઉપગ્રહોનો સમાવેશ



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

ભારતે અવકાશ ક્ષેત્રે નવો ઈતિહાસ સર્જયો છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ રવિવારે એક સાથે ૭ સેટેલાઈટ લોન્ચ કર્યા હતા જેમાં ૧ સ્વદેશી અને સિંગાપોરના છ ઉપગ્રહોનો સમાવેશ થાય છે. આ ઉપગ્રહોને PSL-C56 રોકેટ દ્વારા આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવ્યા હતા. PSLV-C56 એ ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડનું મિશન છે, જે ઈસરોની વ્યાપારી શાખા છે.

PSLV-C56 રોકેટે સિંગાપોરના પૃથ્વી પ્રક્ષેપણ ઉપગ્રહ ડીએસ-એસએઆર અને અન્ય ૬ ઉપગ્રહોને લઈને રવિવારે સવારે ૬.૩૦ વાગ્યે સફળ ઉડાન ભરી હતી. આ મહિને બહુપ્રતીક્ષિત ચંદ્રયાન-૩ લોન્ચ કર્યા બાદ હવે PSLV-C56 લોન્ચ એ એક મહિનાની અંદર ઈસરોની બીજી મોટી સિદ્ધિ છે. અગાઉ ૧૪ જુલાઈના રોજ ISROએ LVM-3 લોન્ચ વ્હીકલને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં મૂક્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે ભારતીય અવકાશ એજન્સીનું આ ત્રીજું વ્યાવસાયિક મિશન છે. ઈસરોએ અગાઉ માર્ચમાં LVM-3 રોકેટ વડે બ્રિટનના વન-વેવ સાથે સંકળાયેલા ૩૬ ઉપગ્રહો લોન્ચ કર્યા હતા. આ પછી એપ્રિલમાં પીએસએલવી રોકેટથી સિંગાપોરના ૨ ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા હતા. DS-SAR સિંગાપોરની ડિફેન્સ સાયન્સ એન્ડ ટેક્નોલોજી એજન્સી અને સિંગાપોરની ST એન્જિનિયરિંગ વચ્ચેની ભાગીદારી હેઠળ વિકસાવવામાં આવી છે. પ્રક્ષેપણ પછી, આ ઉપગ્રહનો ઉપયોગ સિંગાપોર સરકારની વિવિધ એજન્સીઓની સેટેલાઈટ ઈમેજિંગ જરૂરિયાતો માટે કરવામાં આવશે. DS-SAR ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝમાંથી વિકસિત સિન્થેટીક એપરચર રડાર (SAR) સાથે ફીટ થયેલ છે. આ ઉપગ્રહને તમામ હવામાન પરિસ્થિતિઓમાં દિવસ અને રાત્રિની તસવીરો લેવા સક્ષમ બનાવશે.

ISROના વિશ્વસનીય રોકેટ PSLV ની આ ૫૮મી ઉડાન હતી અને 'કોર એકલા રૂપરેખાંકન' સાથેની ૧૭મી ઉડાન હતી. PSLV રોકેટને ISROનું વર્કહોર્સ કહેવામાં આવે છે. આ વિશાળ રોકેટ પૃથ્વીની નીચેની ભ્રમણકક્ષામાં સતત સફળતાપૂર્વક ગ્રહોને સ્થાપિત કરી રહ્યું છે.ચંદ્રયાન ૩ના બાદ એક મહિનાથી પણ ઓછા સમયમાં ઈસરો દ્વારા આ બીજું સેટેલાઈટ લોન્ચિંગ છે. ISRO દ્વારા કહેવામાં આવ્યું છે કે આ મિશન સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. PSLV-C56 એ તમામ સાત ઉપગ્રહોને તેમની ભ્રમણકક્ષામાં સચોટ રીતે લોન્ચ કર્યા છે. આ મહિને બહુપ્રતિક્ષિત ચંદ્રયાન-૩ના પ્રક્ષેપણ પછી, તે ISROનું બીજું સમર્પિત મિશન છે, જેનું સંચાલન તેના વ્યાવસાયિક વિભાગ 'ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ' દ્વારા કરવામાં આવી રહ્યું છે. ઈસરોએ જણાવ્યું કે લોન્ચિંગના લગભગ ૨૩ મિનિટ પછી મુખ્ય ઉપગ્રહ રોકેટથી અલગ થઈ ગયો અને તે પછી ૬ અન્ય ઉપગ્રહો પણ અલગ થઈ ગયા અને તેમની સંબંધિત ભ્રમણકક્ષામાં સ્થાપિત થઈ ગયા. ઉપગ્રહોને નિયુક્ત ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક મૂકવા પર, ISROએ ટ્વિટ કર્યું કે "PSLV-C56/DS-SAR મિશન સફળતાપૂર્વક પૂર્ણ થયું". PSLV-C56 પ્રક્ષેપણ વાહને તમામ સાત ઉપગ્રહોને તેમની નિયુક્ત ભ્રમણકક્ષામાં મૂક્યા સિંગાપુરની સરકાર આ ઉપગ્રહોનો ઉપયોગ કરશે જુલાઈ મહિનામાં મહત્વકાંક્ષી ચંદ્રયાન-૩ લોન્ચ




કર્યા પછી ઈસરોએ એક સાથે સાત સેટેલાઈટ લોન્ચ કર્યા છે. ઈસરોએ માહિતી આપી હતી કે ૩૬૦ કિલો વજન ધરાવતો DS-SAR ઉપગ્રહ DSTA એ સિંગાપુર સરકારના છે અને ST એન્જિનિયરિંગ, સિંગાપુર વચ્ચેની ભાગીદારી હેઠળ વિકસાવવામાં આવ્યો છે. આ સેટેલાઈટનો ઉપયોગ સિંગાપોર સરકારની વિવિધ એજન્સીઓની સેટેલાઈટ ઈમેજ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે કરવામાં આવશે.

ઈસરોએ લોન્ચ કરેલા સેટેલાઈટ ગમે તેવા હવામાનમાં કામ કરવા સક્ષમ છે. DS-SAR ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વિકસિત સિન્થેટિક એપરચર રડાર (SAR) સાથે ફીટ કરવામાં આવ્યું છે. આ ઉપગ્રહને તમામ હવામાન પરિસ્થિતિઓમાં દિવસ અને રાત ચિત્રો લેવા માટે સક્ષમ બનાવે છે. અન્ય ઉપગ્રહોમાં VELOX-AM 23 kg સૂક્ષ્મ ઉપગ્રહ, ARCAD (એટમોસ્ફેરિક કપ્લીંગ એન્ડ ડાયનેમિક્સ એક્સપ્લોરર), પ્રાયોગિક ઉપગ્રહ સ્કબ-૨, 3U નેનોસેટેલાઈટ, ગેલેસિયા-૨, ORB-12 સ્ટ્રાઈડરનો સમાવેશ થાય છે.

ઈસરોએ આજે લોન્ચ કરાયેલા સાત સેટેલાઈટ એ સિંગાપોર સરકારના છે. માત્ર સિંગાપોર જ નહીં દુનિયાભરના દેશો અને અંતરિક્ષ સંસ્થાઓ ઈસરો પાસે તેમના સેટેલાઈટ લોન્ચ કરાવવા માટે ઉત્સુક છે.

હકીકતમાં ઈસરોએ વર્ષ ૧૯૯૯થી વ્યાસાયિક ધોરણે અન્ય દેશો અને વિદેશી સંસ્થાઓ માટે સેટેલાઈટ લોન્ચ કરવાની કામગીરી શરૂ કરી છે. ઈસરોએ ઘણા બધા દેશો માટે સેટેલાઈટ લોન્ચિંગ કર્યુ છે. જેમા મોટાભાગના સેટેલાઈટ નાના અને નેનો કેટેગરીના છે. ઈટાલી, ઈઝરાયેલ, ફ્રાન્સ અને સિંગાપોર જેવા દેશો માટે સેટેલાઈટ લોન્ચ કર્યા છે. ઈસરોની સેટેલાઈટ લોન્ચિંગની સેવા લેનાર દેશોમાં અમેરિકા, કેનેડા, જર્મની, ફ્રાન્સ, બ્રિટન, બેલ્જિયમ, ઈટાલી, ઓસ્ટ્રિયા અને ડેનમાર્કથી લઈને સંયુક્ત આરબ અમીરાત, કઝાકિસ્તાન, તુર્કીનો સમાવેશ થાય છે. આ દેશો સાથેની ભારતની ભાગીદારીને માત્ર વ્યાપારી દ્રષ્ટિકોણથી જોવી યોગ્ય નથી. જો કે, તેનું ભૌગોલિક-વ્યૂહાત્મક મહત્વ પણ છે. સૌથી મોટો સવાલ એ છે કે આ દેશો ઈસરો પાસે સેટેલાઈટ લોન્ચિંગ કરાવવાનું કેમ પંસદ કરે છે? તેની પાછળ ઘણા કારણો છે, સૌથી મહત્વની વાત એ છે કે દુનિયાના અમુક જ દેશો પાસે સેટેલાઈટ લોન્ચિંગની ક્ષમતા છે. આવી સ્થિતિમાં અન્ય દેશોએ પોતાના સેટેલાઈટ લોન્ચ કરવા માટે ઈસરો પર નિર્ભર રહેવું પડે છે. અલબત્ત, ઉત્તર કોરિયા અને ઈરાન જેવા દેશો પાસે પણ પોતાની ઉપગ્રહો લોન્ચ કરવાની ક્ષમતા ધરાવે છે, જો કે તે ઈસરો જેટલી વિકસીત નથી.

ઈસરોએ વર્ષ ૨૦૨૩માં ઘણા રેકોર્ડ બનાવવાની તૈયારી કરી લીધી છે. જો કે, માર્ચમાં ઈસરોએ ૩૬ વનવેબ ઈન્ટરનેટ ઉપગ્રહો લોન્ચ કર્યા ત્યારે એક વિક્રમ સર્જાયો હતો. આ સિવાય ભારત આ વર્ષે ચંદ્રયાન મિશન-૩ અને ગગનયાન મિશન લોન્ચ કરી શકે છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ સોમવારે જીઓસ્ટેશનરી સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (GSLV) દ્વારા નેવિગેશન સેટેલાઈટ લોન્ચ કર્યો છે. આ લોન્ચિંગ પછી, ISRO એ કહ્યું છે કે GSLV-F12 એ નેવિગેશન સેટેલાઈટ NVS-01 ને ઈચ્છિત ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક સ્થાન આપ્યું છે. ઈસરોએ સવારે ૧૦.૪૨ કલાકે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ૫૧.૭ મીટર ઊંચા રોકેટ સાથે NVS-01 લોન્ચ કર્યું હતું.

આ મિશન ઈસરોનું આ વર્ષનું ત્રીજું સફળ મિશન સાબિત થયું છે. આ ઉપગ્રહ કોઈપણ સ્થળની સૌથી સચોટ વાસ્તવિક સમયની સ્થિતિ જણાવશે. આ પહેલા ફેબ્રુઆરી અને માર્ચમાં પણ ઈસરોએ બે સફળ મિશન પાર પાડ્યા છે. ઈસરોએ બીજા ઘણા મોટા મિશન માટે આયોજન કર્યું છે. આ સમાચારમાં અમે તમને જણાવીશું કે વર્ષ ૨૦૨૩ ઈસરો માટે કેવી રીતે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

### મણિપુર વાયરલ વીડિયો મામલે સુપ્રીમ આકરા પાણીએ

# મણિપુર પોલીસને એફઆઈઆર નોંધવામાં ૧૪ દિવસ કેમ લાગ્યા

## દેશમાં મહિલાઓ સામે હિંસા રોકવા માટે મજબૂત મિકેનિઝમ બનાવવાનો સીજેઆઈ ડીવાય ચંદ્રચુડનો નિર્દેશ : સુપ્રીમ કોર્ટમાં આજે વધુ સુનાવણી

। નવી દિલ્હી, તા.૩૧ ।

મણિપુર વાયરલ વીડિયો કેસમાં સુપ્રીમ કોર્ટમાં આજે ફરી સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સીજેઆઈડીવાયચંદ્રચુડે આ મામલાની સુનાવણી કરતા કહ્યું કે આ વીડિયો સામે આવ્યા બાદ આ મામલો સામે આવ્યો છે, પરંતુ આ એકમાત્ર ઘટના નથી જ્યાં મહિલાઓ પર હુમલો થયો હોય કે ઉત્પીડન થયું હોય. અન્ય ઘટનાઓ પણ છે. હવે આ મામલે આવતીકાલે બપોરે ૨ વાગ્યે ફરી સુનાવણી થશે.

**3 મે થી અત્યાર સુધીમાં કેટલી એફઆઈઆરનોંધાઈ છે?**

સીજેઆઈએ કહ્યું કે આપણે મહિલાઓ વિરુદ્ધ હિંસાના વ્યાપક મુદ્દાને જોવા માટે એક મિકેનિઝમ પણ બનાવવું પડશે. આ સિસ્ટમે સુનિશ્ચિત કરવું જોઈએ કે આવા તમામ કેસોની કાળજી લેવામાં આવે. તેમણે પૂછ્યું કે મણિપુરમાં હિંસા શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં આવી કેટલી એફઆઈઆર નોંધાઈ છે.

**૧૮મી મે સુધી પોલીસ શું કરતી હતી?**

સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો કે જ્યારે ઘટના ૪ મેના રોજ બની હતી તો ૧૮ મેના રોજ એફઆઈઆર કેમ નોંધવામાં આવી? ૪ મેથી ૧૮ મે સુધી પોલીસ શું કરતી હતી? જ્યારે મહિલાઓને નગ્ન કરીને પરેડ કરવામાં આવી હતી અને ઓછામાં ઓછા બે પર બળાત્કાર થયો હોવાની વાત સામે આવી ત્યારે પોલીસ શું કરી રહી હતી?

**મહિલાઓ સીબીઆઈ તપાસની વિરુદ્ધ છે**

મણિપુરની બે પીડિત મહિલાઓ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું કે મહિલાઓ આ મામલાની સીબીઆઈ તપાસ અને કેસને આસામમાં ટ્રાન્સફર કરવાની વિરુદ્ધ છે. તેના પર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે અમે ક્યારેય ટ્રાયલને આસામમાં ટ્રાન્સફર કરવાની વિનંતી કરી નથી.

તુષાર મહેતાએ કહ્યું કે અમે કહ્યું છે કે આ મામલો મણિપુરની બહાર ટ્રાન્સફર કરવામાં આવે. અમે ક્યારેય આસામ કહ્યું નથી.

**પોલીસ હિંસામાં સામેલ લોકોને મદદ કરી રહી હતી**

કપિલ સિબ્બલે પીડિત બે મહિલાઓ માટે હાજર થતાં કહ્યું હતું કે તે સ્પષ્ટ છે કે પોલીસ બે મહિલાઓ સામે હિંસા આચરનારાઓને સહકાર આપી રહી છે. પોલીસે આ મહિલાઓને ભીડમાં લઈ જઈને છોડી દીધી અને ટોળાએ તે કર્યું જે તેઓ કરતા હતા, એમ સિબ્બલે કહ્યું,

પીડિત મહિલાના પિતા અને ભાઈની હત્યા કરવામાં આવી હતી. અમારી પાસે હજુ પણ મૃતદેહો નથી. ૧૮મી મેના રોજ ઝીરો એફઆઈઆર નોંધવામાં આવી હતી. જ્યારે કોર્ટે સંજ્ઞાન લીધું ત્યારે કંઈક થયું. તો પછી આપણે કેવી રીતે વિશ્વાસ કરી શકીએ? આવી અનેક ઘટનાઓ હશે. એટલા માટે અમે એક એજન્સી ઈચ્છીએ છીએ જે મામલાની તપાસ કરવા માટે સ્વતંત્ર હોય.

સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાનું કહેવું છે કે જો સુપ્રીમ કોર્ટ આ મામલાની દેખરેખ રાખે તો કેન્દ્રને કોઈ વાંધો નથી. તે જ સમયે વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે કેન્દ્રના સ્ટેટસ રિપોર્ટ અનુસાર ૫૯૫ એફઆઈઆરનોંધવામાં આવી છે. આમાંથી કેટલા જાતીય હિંસા સાથે સંબંધિત છે અને કેટલા અગ્નિદાહ, હત્યા સાથે સંબંધિત છે. આ અંગે કોઈ સ્પષ્ટતા નથી.

**સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ કેળવવો જરૂરી છે**

વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે કહ્યું કે જ્યાં સુધી કાયદાનો સવાલ છે, બળાત્કાર પીડિતાઓ તેના વિશે વાત કરતી નથી. તેઓ તેમના આઘાત સાથે બહાર આવતા નથી. પ્રથમ વસ્તુ આત્મવિશ્વાસ બનાવવાની છે. આજે અમને ખબર નથી કે સીબીઆઈ તપાસ શરૂ કરશે તો મહિલાઓ આગળ આવશે કે નહીં. તેમણે કહ્યું કે પોલીસને બદલે મહિલાઓ ઘટના અંગે મહિલાઓ સાથે વાત કરવામાં વધુ આરામદાયક રહેશે. ઈન્દિરા જયસિંગે કહ્યું કે સિવિલ સોસાયટીની મહિલાઓની બનેલી ઉચ્ચ સત્તાવાળી સમિતિ હોવી જોઈએ જેમને બચી ગયેલા લોકો સાથે વ્યવહાર કરવાનો અનુભવ હોય. ઈન્દિરા કહે છે કે સૈયદા હમીદ, ઉમા ચક્રવર્તી, રોશની ગોસ્વામી વગેરેને હાઈ પાવર કમિટીમાં સામેલ કરી શકાય છે.

**ન્યૂઝ બ્રિફ**

### છ વર્ષમાં ૨૭,૪૨૬ કરોડની જીએસટીની ચોરી થઈ, રિકવરી માત્ર ૯૨૨ કરોડ

। નવી દિલ્હી, તા.૩૧ ।

ગુડ્સ એન્ડ સર્વિસિઝ ટેક્સ (જીએસટી) લાગુ થયાના ૬ વર્ષમાં સરકારે અત્યાર સુધીમાં ૫,૦૭૦ જેટલાં છેતરપિંડીના કેસ પકડી પાડ્યા હતા જેમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) ક્લેમ કરવા માટે લોકોએ પાનકાર્ડ (પાન) અને આધારકાર્ડ (આધાર)ની વિગતોનો દુરુપયોગ કર્યો હોવાનો ખુલાસો થયો છે. આ ૫,૦૦૦ કેસમાં ૨૭,૪૨૬ કરોડ રૂપિયાની જીએસટી ચોરીનો ભાંડાફોડ થયો છે. જોકે મહત્ત્વનું તો એ છે કે છેલ્લા ૬ વર્ષોમાં રિકવરીનો આંકડો તો માત્ર ૯૨૨ કરોડ રુપિયાનો જ છે. આ આંકડા ૧ જુલાઈ ૨૦૧૭ (જીએસટીવ્યવસ્થાની શરૂઆત) અને ૩૦ જૂન, ૨૦૨૩ વચ્ચેના છે. રાજ્યની તુલના કરીએ તો મહારાષ્ટ્ર, દિલ્હી અને તમિલનાડુ જીએસટી રજિસ્ટ્રેશન (જીએસટીરજિસ્ટ્રેશન)ના દુરુપયોગના કેસમાં ટોચના ત્રણ રાજ્યોમાં સામેલ છે.

### સેટ પર ભેદભાવ, પીવાનું પાણી માગતા પણ બીક લાગતી : જેનિફર

। મુંબઈ, તા.૩૧ ।

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં આશરે ૧૫ વર્ષ સુધી 'રોશનભાભી'નો રોલ પ્લે કરનારી જેનિફર મિસ્ત્રી બંસીવાલ પોતાની સાથે ઘણા વર્ષ સુધી મેકર્સ તરફથી થયેલા અન્યાય સામેની લડત જીતવા માટે મે મહિનામાં એકલી નીકળી પડી હતી. તેને આ લડતમાં કોઈનો સાથ મળશે તેવી જરાય આશા નહોતી. પરંતુ પૂર્વ કો-એક્ટર્સ પ્રિયા આહુજા અને મોનિકા ભદોરિયાએ તેને સપોર્ટ આપ્યો અને મીડિયા સામે આવીને તેમની સાથે પણ ખરાબ વર્તન થયું હોવાનું કહ્યું હતું. જે બાદથી જેનિફર વધુ નિડર બની ગઈ. પહેલા તેણે પ્રોડ્યૂસર આસિત કુમાર મોદી પર શારીરિક શોષણ તો પ્રોજેક્ટ હેડ સોહેલ રામાણી અને એક્ઝિક્યુટિવ પ્રોડ્યૂસર જતિન બજાજ સામે માનસિક શોષણનો આરોપ લગાવ્યો હતો. જે બાદ તેણે શો સાથે જોડાયેલા વધુ કેટલાક ચોંકાવનારા ખુલાસા કર્યા હતા.

### કર્ણાટકથી જયપુર જતી ૨૦ લાખના ટામેટા ભરેલી ટ્રકની ચોરી

। કોલાર, તા.૩૧ ।

કર્ણાટકના કોલાર જિલ્લામાં ૨૦ લાખ રૂપિયાના ટામેટા ભરેલી ટ્રક ચોરી થવાની ઘટના સામે આવી છે. આ ટ્રક જયપુર જવા રવાના કરાઈ હતી. આ ટ્રક શનિવારે રાત્રે રાજસ્થાનના રાજધાની જયપુરમાં પહોંચવાની હતો, જોકે વચ્ચે જ ટ્રક ગાયબ થઈ જવાની ઘટના સામે આવી છે. જ્યારે ડ્રાઈવરનો સંપર્ક કરવામાં આવ્યો તો તેનો ફોન સ્વિચ ઓફ છે. ત્યારબાદ કોલાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. બંને વેપારીઓએ ટામેટા જયપુર મોકલવા માટે ૨૭મી જુલાઈના રોજ ટ્રક બુક કરાવી હતી. પોલીસ સોર્સ મુજબ જીપીએસ ટ્રેકમાં ટ્રકે ૧૬૦૦ કિલોમીટરની સફર કરી હોવાની માહિતી મળી છે.



નવી દિલ્હીમાં ચોમાસાના સત્ર દરમિયાન સંસદ ભવન સંકુલમાં સીઆરપીએફના જવાનો.

### ચાર વર્ષ બાદ જેટ એરવેઝને ઓપરેટર સર્ટિફિકેટ ઈશ્યુ કરાયું

। નવી દિલ્હી, તા.૩૧ ।

જેટ એરવેઝ માટે એક સારા સમાચાર મળી રહ્યા છે. જેટ એરવેઝને ઉડ્ડયન નિયમનકાર ડીજીસીએદ્વારા એરપોર્ટ ઓપરેટર સર્ટિફિકેટ (એઓસી) જારી કરવામાં આવ્યું છે. આ સર્ટિફિકેટ મળતા જ એરલાઈન્સ માટે ભારતમાં ફરીથી તેની એરલાઈન્સ શરૂ કરવાનો માર્ગ ખુલી ગયો છે. આ અંગે ખુશી વ્યક્ત કરતા, જેટ એરવેઝને ફરી શરુ કરવા માટે કામ કરી રહેલા જાલાન-કાલરોક કન્સોર્ટિયમે કહ્યું કે, તે જેટ એરવેઝને પુનઃશરૂ કરવા માટે ભારતીય ઉડ્ડયન નિયમનકારનો અમારામાં વિશ્વાસ દર્શાવે છે. આ સાથે, જાલાન અને કાલરોક કન્સોર્ટિયમ દ્વારા જારી કરાયેલ પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું કે, અમે ડીજીસીએઅને તમામ હિતધારકોનો આભાર માનીએ છીએ જેમણે જેટ એરવેઝને ફરીથી શરૂ કરવા માટે જાલાન-કાલરોક કન્સોર્ટિયમમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ અંગે વધુમાં જણાવ્યું કે, જાલાન-કાલરોક કન્સોર્ટિયમ જેટ એરવેઝના પુનરુત્થાન માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ માટે, જાલાન-કાલરોક કન્સોર્ટિયમ એરલાઈનને સફળ બનાવવા માટે વ્યૂહરચના વિકસાવવા માટે તમામ સત્તાવાળાઓ, ઉદ્યોગો અને હિતધારકો સાથે મળીને કામ કરશે.

### ચામાચિડીયું પણ વિજળીના તાર પર લટકી રહે છે

# વીજળીના તાર પર બેઠેલા પક્ષીને કરંટ નથી લાગતો, પણ ચામાચિડીયું બેસે તો મરી જાય

## પક્ષીઓને તમે વીજળીના તાર પર આરામથી બેઠેલા ઘણી વાર જોયા હશે પરંતુ તેમને કરંટ નથી લાગતો

। નવી દિલ્હી, તા.૩૧ ।

પક્ષીઓને તમે વીજળીના તાર પર આરામથી બેઠેલા ઘણી વાર જોયા હશે. પણ તેમને કરંટ નથી લાગતો. તેની પાછળ વિજ્ઞાન શું કહે છે? તો વળી જો ચામાચિડીયું લાઈટના તાર પર બેસે તો, તેને ઝટકો લાગે છે અને તે મરી જાય છે. તેની પાછળનું વિજ્ઞાન શું કહે છે? શું સાચે જ પક્ષીઓમાં કોઈ જાદુઈ શક્તિ હોય છે, જેના કારણે તે આરામથી ક્યાંય પણ વીજળીના તાર પર લટકી જાય છે. આવો જાણીએ આખરે કેમ



પક્ષીઓને કરંટ નથી લાગતો, જ્યારે ચામાચિડીયાને કરંટ લાગે છે. તમે નાનપણથી જોતા આવ્યા હશો કે પક્ષી આરામથી વીજળીના તાર પર બેસી રહે છે, પણ તેમને કરંટ લાગતો નથી. તે આરામથી તાર પર મજા કરે છે. તેની પાછળ સામાન્ય વિજ્ઞાન કામ કરે છે. પક્ષી ફક્ત એક જ તાર પર બેઠેલા રહે છે. જો તે બંને તાર પર એક સાથે ટચ કરે તો તેનું મોત થઈ જાય. જો કે, મોટા ભાગે એવું થતું નથી, કારણ કે પક્ષી બંને તારને એકસાથે ટચ નથી કરી શકતા. ચામાચિડીયું પણ વિજળીના તાર પર લટકી રહે છે. આપે ઘણી વાર એવું જોયું હશે કે, વીજળીના ઝટકાથી ચામાચિડીયું પડીને મરી જાય છે. ત્યારે આવા સમયે આપ પણ વિચારતા હશો કે, બાકીના પક્ષીઓ સાથે આવું કેમ નથી થતું. આ આખું વિજ્ઞાન પોઝિશનને લઈને રહે છે.

### મણિપુર વંશીય હિંસાની આગમાં સળગી રહ્યું છે

# ભારતીય ફૂટબોલર ચિંગલેન્સાનાનું ઘર નષ્ટ થયું, પરિવારનો બચાવ થયો

## મણિપુરમાં આ દુઃખદ ઘટના બની ત્યારે ચિંગલેન્સના હૈદરાબાદ એફસી ટીમ સાથે કેરળના કોઝિકોડમાં હતો

। ઈમ્ફાલ, તા.૩૧ ।

મણિપુર લગભગ ૩ મહિનાથી વંશીય હિંસાની આગમાં સળગી રહ્યું છે. કુકી અને મૈતેઈ બે સમુદાયો વચ્ચે મોટા પાયે હિંસક અથડામણ થઈ હતી. ૩ મેના રોજ શરૂ થયેલી હિંસાએ મણિપુરના લોકોનું જીવન સંપૂર્ણ રીતે બરબાદ કરી દીધું છે. આ હિંસાને કારણે હજારો લોકો વિસ્થાપિત થયા છે. ભારતીય ફૂટબોલર ચિંગલેન્સના સિંહ પણ આ હિંસાથી ખરાબ રીતે પ્રભાવિત થયા હતા. હિંસાએ ચિંગલેન્સાનાનું ઘર નષ્ટ કર્યું અને તેનું ગામ તબાહ કરી નાખ્યું. કોઈક રીતે તેનો પરિવાર પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યો હતો. કોઈક રીતે ચિંગલેન્સાનાનો પરિવાર પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યો હતો. જ્યારે આ દુઃખદ ઘટના બની ત્યારે ચિંગલેન્સના હૈદરાબાદ એફસી ટીમ સાથે કેરળના કોઝિકોડમાં હતા. ચિંગલેન્સના સિંહ ચુરાચંદપુર જિલ્લાના ખુમુઝામા લેકીનો રહેવાસી છે. હિંસામાં ૧૫૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા, જ્યારે હજારો ઘાયલ થયા હતા. હિંસામાં મોટા પાયે હંગામો, તોડફોડ અને આગચંપી થઈ હતી, જેમાં કરોડો રૂપિયાનું નુકસાન થયું હતું. હવે ચિંગલેન્સના સિંહે મણિપુરમાં થયેલી હિંસા અંગે પોતાનું દર્દ વ્યક્ત કર્યું છે. ચિંગલેન્સનાએ કહ્યું, 'મેં સમાચાર સાંભળ્યા કે અમારું ઘર બળી ગયું હતું અને ત્યાર બાદ મેં ચુરાચંદપુરમાં જે ફૂટબોલ ટર્ફ બનાવેલું તે પણ બળી ગયું હતું. તે ઘટના વિશે સંભાળી મારું દિલ તૂટી ગયું હતું.

### ભારતની અર્થવ્યવસ્થા પાંચ ટ્રીલીયન ભણી

# ભારતની માથાદીઠ આવક ૨૦૩૦ સુધીમાં ૪૦૦૦ ડોલર પર પહોંચશે

## માથાદીઠ આવક ૨૦૦૧માં ૪૬૦ ડોલર હતી, જે વધીને ૨૦૧૧માં ૧,૪૧૩ ડોલર, ૨૦૨૧માં ૨,૧૫૦ ડોલર થઇ

। નવી દિલ્હી, તા.૩૧ ।

ભારતની અર્થવ્યવસ્થા દિવસેને દિવસે પાંચ ટ્રીલીયન ઈકોનોમિક લક્ષ્યાંકને હાંસલ કરવા આગળ વધતી જાય છે. ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની પાંચમાં મોટી અર્થવ્યવસ્થા બની ગઈ છે.તો આજ દિશામાં એક અભ્યાસ દ્વારા એવું પણ સામે આવ્યું છે કે ભારતની માથાદીઠ આવક ૭૦ ટકાથી વધીને એફવાય૨૦૩૦ સુધીમાં ૪,૦૦૦ ડોલર સુધી પહોંચી જશે, જે એફવાય૨૦૨૩માં માથાદીઠ આવક ૨,૪૫૦ ડોલર જોવા મળે છે. તેના કારણે ભારતની જીડીપીને પણ મોટો ટેકો મળશે અને તે ૬ ટ્રિલિયન ડોલરની આસપાસ પહોંચી જશે. આ સમયગાળા દરમિયાન ભારતના અડધાથી વધુ જીડીપીસ્થાનિક વપરાશમાંથી




આવશે. છેલ્લા ૨૦ વર્ષમાં ભારતની માથાદીઠ આવકમાં હાલ ઝડપથી વધારો થયો છે. ૨૦૦૧માં તે ૪૬૦ ડોલર હતી, જે વધીને ૨૦૧૧માં ૧,૪૧૩ ડોલર અને ૨૦૨૧માં ૨,૧૫૦ ડોલર થઈ ગઈ હતી. સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકે રજૂ કરેલા અહેવાલમાં જણાવ્યું હતું કે, આગામી વર્ષોમાં ભારતની નિકાસ ઝડપથી દેશની અર્થવ્યવસ્થાને વેગ મળશે. તે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧.૨ ટ્રિલિયનડોલરથી ૨૦૩૦ સુધીમાં ૨.૧ ટ્રિલિયનડોલર સુધી પહોંચવાનો અંદાજ છે.

### ઉત્તર પ્રદેશ એસટીએફની પૂણે-અમદાવાદમાં કાર્યવાહી

# સ્ટાર્સ સાથે ચેરિટી શોના નામે ૯ કરોડની છેતરપિંડીમાં ત્રણની ધરપકડ કરવામાં આવી

## શ્રી સુવિધા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા લખનઉના ઈકાના સ્ટેડિયમમાં ચેરિટી શોના આયોજનના નામે લોકોને ફસાવવામાં આવ્યા હતા

। લખનૌ, તા.૩૧ ।

યુપી એસટીએફે ત્રણ બદમાશોની ધરપકડ કરી છે જેમણે ફિલ્મ સ્ટાર્સ અને ગાયકોને બોલાવીને ચેરિટી શોનું આયોજન કરવાના બહાને લોકોને ૯ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. આરોપ છે કે નવેમ્બર ૨૦૨૨માં આ ઠગોએ શ્રી સુવિધા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા લખનઉના ઈકાના સ્ટેડિયમમાં ચેરિટી શોનું આયોજન કરવા લોકોને ફસાવ્યા હતા. આ બદમાશોએ કહ્યું હતું કે આ શોમાં ફિલ્મ સ્ટાર્સ સની લિયોન, નોરા ફતેહી, ટાઈગર શ્રોફ, મૌની રોય, પંજાબી ગાયક ગુરુ રંધાવા અને સચિત-પરમપરા આવશે.

મળેલ માહિતી મુજબ ત્રણેય ઠગની પુણે અને અમદાવાદમાંથી ધરપકડ કરવામાં આવી છે. એસીટીએફએ જણાવ્યું કે લખનઉના સુશાંત ગોલ્ફ સિટી અને ગોમતી નગર એક્સટેન્શન પોલીસ સ્ટેશનમાં આ ઠગ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. લખનઉ પોલીસે આ ઠગને પકડવા માટે એસીટીએફપાસે મદદ માંગી હતી, ત્યારબાદ એસીટીએફઅને લખનઉ પોલીસે મળીને ઠગની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી તમામ નકલી દસ્તાવેજો મળી આવ્યા છે. એસીટીએફની પૂછપરછમાં એક ઠગે જણાવ્યું કે ૧૨મું પાસ કર્યા બાદ તે સાત વર્ષ સુધી કુરિયર કંપનીમાં ડિલિવરી બોય તરીકે કામ કરતો હતો. વર્ષ ૧૯૯૯થી તેમણે કુરિયર એજન્સી લઈને ગુજરાતમાં પોતાનો વ્યવસાય શરૂ કર્યો, જે ૨૦૧૪ સુધી ચાલુ રહ્યો. આ પછી મુંબઈના મલાડમાં બીજી કુરિયર ઓફિસ ખોલવામાં આવી, જે વર્ષ ૨૦૧૮ સુધી ચાલી. વર્ષ ૨૦૨૦માં જ્યારે કોરોના મહામારી આવી અને લોકડાઉન લાદવામાં આવ્યું ત્યારે તમામ કામકાજ અટકી ગયા. વર્ષ ૨૦૧૮માં જ્યારે તે કુરિયરનું કામ કરતો હતો ત્યારે તેણે બે નાની ટ્રકો ખરીદી હતી. તે દરમિયાન તેની મુલાકાત એક મોટર કંપનીમાં કામ કરતા વ્યક્તિ સાથે થઈ હતી. મુખ્ય આરોપીએ પૂછપરછમાં વધુમાં જણાવ્યું કે લોકડાઉન બાદ તે વર્ષ ૨૦૨૧માં ફરી તે વ્યક્તિને મળ્યો અને લખનઉમાં હોસ્પિટલ ચલાવવાની વાત કરી, જે સાંભળીને તે રાજી થઈ ગયો.

### વધુ એક આંખ ઊઘાડતી ઘટના

# પ્રેમજાળમાં ફસાવી યુપીના યુવક સાથે વિદેશી યુવતીની 3.૫ લાખની ઠગાઈ

## ઈન્સ્ટાગ્રામ પર ફ્રેન્ડ રિક્વેસ્ટ દ્વારા બોરિસ જોન્સન નામની એક યુવતીના નામે યુવકને ફસાવવામાં આવ્યો

। લખનઉ, તા.૩૧ ।

સીમા હૈદર અને અંજુની પ્રેમ કહાનીનો મામલો હજુ ઉકેલાયો ન હતો કે લખનઉના એક યુવકને વિદેશમાં પ્રેમની શોધ કરવી મોંઘી પડી છે. સરહદ પારથી પ્રેમની શોધમાં લખનઉના યુવક સાથે ૩.૫ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. જ્યારે તેને ખબર પડી કે લંડનની બોરિસ જોન્સન નામની છોકરી જેની સાથે તેણે મિત્રતા કરી હતી તે છેતરપિંડી કરનાર છે, તેણે ૩.૫ લાખ રૂપિયા ગુમાવી દીધા હતા.

મળેલ માહિતી મુજબ લખનઉના ગોસાઈગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના એક યુવકને ઈન્સ્ટાગ્રામ પર ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. બોરિસ જોન્સન નામની એક યુવતીએ પોતાને




બ્રિટનની રહેવાસી ગણાવી અને કહ્યું કે તે લંડનમાં રહે છે. યુવતીએ કહ્યું કે તે ભારતમાં એક હોસ્પિટલ ખોલવા માંગે છે, જેના માટે તે જમીન જોવા માટે ટૂંક સમયમાં ભારત આવવાની છે, જેના પર યુવકે વિશ્વાસ કર્યો. આ દરમિયાન તેની સાથે મોબાઈલ ચેટ પણ થતી હતી. એક દિવસ યુવકને અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો. ફોન કરનારે પોતાને એરપોર્ટના કસ્ટમ ઓફિસર તરીકે ઓળખાવ્યો અને કહ્યું કે એરપોર્ટ પર એક વિદેશી છોકરી પકડાઈ છે જે તેનું નામ બોરિસ જોન્સન જણાવે છે.

## તંત્રી લેખ...

# મેઘ તાંડવ, ખેડૂત, સરકાર કેટલો ફાયદો ઉઠાવશે ?

સમગ્ર ગુજરાતમાં મેઘ તાંડવ ચાલુ છે અને હજુ થોડા અંતરાય પછી એ ચાલુ રહેવાની સંભાવના છે. હવે વરસાદ અટકે એની રાહ છે અને હજુ વાદળાઓ વિખરાતા નથી. વનવગડામાં અને રસ્તાની બન્ને બાજુએ લીલા રંગનો પ્રલય થયેલો છે. કવિ પ્રહલાદ પારેખ કહે છે કે, જ્યાં સુધી પહોંચે નજર ત્યાં સુધી બસ ઘાસનો વિસ્તાર છે ને પછી આકાશ કેરી નીલરંગી ક્ષિતિજ કેરી ધાર છે...! ગુજરાતના મહત્ જિલ્લાઓ હવે લીલા દુષ્કાળ તરફ તણાઈ રહ્યા છે. આ વખતે દક્ષિણ ગુજરાતમાં વરસાદ ઓછો છે અને સૌરાષ્ટ્રમાં વધારે છે. દુનિયાના તમામ વિકસિત દેશો પાસે સમૃદ્ધ હવામાન વિભાગ હોય છે. જે રીતે સંરક્ષણ મંત્રાલય અને નાણાં મંત્રાલય અને નાણાં મંત્રાલયને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે એટલું જ મહત્ત્વ વિકસિત દેશોમાં હવામાન ખાતાને આપવામાં આવે છે. આપણે ખરેખર હવે સારા હવામાન શાસ્ત્રીની જરૂર છે. જે લોકોએ વાવણી વહેલી કરી એમના ઊભા પાક વધુ પડતા પાણીમાં બળી ગયા છે અને જેમણે મોડી વાવણી કરી અને પાક જરાક અંકુરિત થયા એ બધા ધોવાઈ ગયા છે. કૃષિ ક્ષેત્રને સરકાર ઘણું આપે છે પણ જે હાઈટેક સજ્જતાઓ આપવી જોઈએ એ આપી નથી. કેલિફોર્નિયામાં જે એક ઓબઝર્વેટરી છે. એનું કામ તો સતત વાદળોનું નિરીક્ષણ કરવાનું છે. વર્ષોથી સંશોધનો કરતા હોવાને કારણે કુદરતના કેટલાક રહસ્યો વૈજ્ઞાનિકોના હાથમાં આવી જાય છે અને એ પ્રમાણે તેઓ પોતાના દેશના વાતાવરણને અમુક અંશે જાતે નેવિગેટ કરી શકે છે. આ વાતની ભારત અને ભારત જેવી અન્ય સરકારોને ન તો ખબર છે કે ન તો એમને કોઈ એની તમા છે. આપણા દેશમાં તમામ પ્રધાનો દાયકાઓથી એક જ ઢોલ વગાડે છે કે વધુ વૃક્ષ વાવો એટલે વધુ વરસાદ આવશે. ખરેખર એવું નથી. વૃક્ષો એક આધાર છે, પરંતુ એ સિવાય વરસાદને પૂરતી માત્રામાં અને નિયત સમયે લાવવા માટેના અનેક ઉપાયો છે, જે હવે વિકસિત દેશો જાણે છે. હવામાન ખાતાની જવાબદારી દેશના અનેક પ્રકારના કૃષિ પાકને માર્ગદર્શન આપવાની છે. ઉપરાંત ખેડૂતોને હવામાન પ્રમાણે એડવાન્સમાં પાકની પસંદગીના નિર્ણયમાં મદદ કરવાની છે. સામાન્ય પ્રજા એવું માને છે કે, વરસાદ આવે અથવા તો સિંચાઈથી પાણી મળે એટલે ખેતીવાડી સારી થાય. એ માન્યતા ભ્રામક છે. જે લોકો ખેતી કરે છે એને ખબર છે કે પાકનો ઘણો મોટો આધાર માત્ર પાણી ઉપર નહીં, પરંતુ પાણી પછીના હવામાન પર નિર્ભર છે.


## ફિજિકલ એક્ટિવિટીને લઇ આળસ

હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે દેશની અડધીથી વધારે વસ્તીનો શારરિક પ્રવૃતિ અથવા તો ફિજિકલ એક્ટિવિટીમાં કોઇ રસ નથી. દેશના અડધા લોકો શારરિક ગતિવિધીથી દુર રહેવાનુ પસંદ કરે છે. એટલે કે આળસ રાખે છે. ૧૦ ટકાથી પણ ઓછા લોકો એવા છે જે મનોરંજન તરીકે શારરિક ગતિવિધીમાં સામેલ રહે છે. આસીએમઆરના ડેટામાં આ બાબતનો ખુલાસો થયો છે. જો કે કેટલાક લોકો આ ખુલાસા સાથે સહતમ નથી. તેમની દલીલ છે કે આધુનિક ભારતમાં લોકો શારરિક ફિટનેસને લઈને વધારે સાવધાન થઈ રહ્યા છે. દિલ્હી સ્થિત પ્રાઈમસ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના તબીબો કહે છે કે આધુનિક સમયમાં આર્થરાઈટિસ જેવી જોડની તકલીફ હવે વય સુધી મર્યાદિત રહી નથી. શારરિક રીતે કામ ન કરવાની બાબત પણ આ બિમારીના બોઝને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાભરમાં પાંચમાંથી એક પુખ્તવયના લોકો અને પાંચમાંથી ચાર કિશોર વયના લોકો શારરિક ગતિવિધી કરતા નથી. જેના કારણે હેલ્થ કેરપર ૫૪ અબજ ડોલરની સીધી અસર થઈ રહી છે. તબીબો કહે છે કે આઈસીએમઆરના આંકડા દર્શાવે છે કે ૫૪.૪ ટકા લોકો શારરિક ગતિવિધી કરવામાં રસ ધરાવતા નથી. આ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકો યાત્રા અને મનોરંજન સાથે જોડાયેલી શારરિક ગતિવિધીની તુલનામાં કામમાં વધારે સમય પસાર કરે છે. આળસી જીવનશેલી, કસરત ન કરવાની બાબત અથવા તો કોઈ પ્રોફેશનલની દેખરેખ વગર કસરત કરવાથી યુવાના જોડમાં લિગામેન્ટમાં તકલીફ પડે છે. જેમ જેમ અમારી વય વધે છે અમારા શરીરમાં કામ કરવાની ક્ષમતા ઘટતી જાય છે. અમારા શરીરમાં હાડકા ફરી બનવા અને રિપેયર થવાની ક્ષમતા ઓછી થવા લાગી જાય છે. અમારા ઘુટણમાં મુલાયમ ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જે માંસપેશિયાઓને ટેકો આપે છે. જેના કારણે શારરિક ગતિવિધી કરતી વેળા સરળતા મળે છે.આ એક પ્રકારથી શોક ઓબ્ઝર્વર તરીકે કામ કરે છે. સમયની સાથે આ મુલાયમ ટિશ્યુ ઘસી જાય છે. જેના કારણે જોડમાં જગ્યાઓ બનતી જાય છે. કાર્ટિલેજના ડિજરનેશનના કારણે આર્થરાઈટિસ થવા લાગી જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે.

# પંચશીલ સત્યને અનુસરે એને જ સમાજનો વડો બનાવી શકાય અથવા એને સમાજના સર્વાંગી વિકાસ માટે કારોબાર સોંપી શકાય



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)




આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ સાંપ્રત સમયમાં ૨૦૨૪ ની ચૂંટણી ને લઈને દરેક મિડિયા બહુ પ્રભાવિત છે, પણ સમાજ માટે બે હિંદુત્વ અને મોંઘવારી આ બંને મુદ્દા મહત્વના છે. કારણ કે છેલ્લા કેટલાક સમયથી એની પર જોઈએ તેવું ધ્યાન દેવાયું નથી. વિકાસના નામે પણ આપણે સારો એવો વિકાસ કરી લીધો છે, હવે દેશની અંદર વસ્તી પ્રજા માટે પણ કંઈક નક્કર પરિણામ મળે, એવા કાર્યો જે પક્ષ કરી શકે એને ચૂંટવો જોઈએ! ખેર છોડો! કળિયુગની વ્યાખ્યામાં એક વાત આવી હતી કે, જ્યારે ધર્મ ધંધો બનશે, અને આજકાલ તો લગભગ આ વાત સત્ય દેખાઈ રહી છે. સનાતન ધર્મની વિચારધારા એ આપણને જીવન જીવવાની સુંદર પદ્ધતિ શીખવે છે, અને એ જ આપણો મૂળ ધર્મ છે, જેને ભૂલી જવાથી જ આ બધી સમસ્યાઓ સર્જાઈ છે. હિન્દુ સનાતન ધર્મના સંસ્થાપક તરીકે આપણે ત્યાં મહાદેવ શંકરને સ્વીકાર્યા છે અને એણે જ આપણને માતા પાર્વતી ને રામકથા કહી, અને રામનું ચરિત્ર કહ્યું છે. એટલે જ રામ એટલે સત્ય, અને સત્ય એટલે રામ એવી એક હિન્દુ સનાતન ધર્મની મૂળ વિચારધારા ને વળગી રહેવું જોઈએ, અને એજ આપણને રામરાજ્ય સુધી લઈ જઈ શકે. આ વાત પૂજ્ય બાપુ એ પણ એકવાર હરિદ્વારની કથામાં પંચ શીલ વિચાર, આચાર, ઉચ્ચાર, શિષ્ટાચાર, અને ઉપચાર એવા જીવન સત્ય અંતર્ગત વાત કરી હતી. બાપુ તો બાપુ છે,પણ આપણે તેને બે દિવસ આપણી મર્યાદામાં ચિંતનમાં તબક્કા વાર જોઈશું.

**વિચાર**

માનવીના જીવનના બે સત્ય એ છે કે તે ક્રિયા કે કર્મ કર્યા વગર રહી શકતો નથી, એટલે કે તેનું સ્થૂળ શરીર કોઈને કોઈ કાર્યમાં સતત પ્રવૃત્ત રહે છે, અને તેની અદ્રશ્ય ઈન્દ્રિય મન દ્વારા પણ સતત કોઈને કોઈ વિચાર ઉદ્ભવે છે, આ દરેક જીવ સાથે જોડાયેલું નિતાંત સત્ય છે. સ્થૂળ શરીર સારા-ખરાબ કર્મ કે ક્રિયા કરે, અને એ રીતે મન સારા ખરાબ વિચાર કરે, અને એ મુજબ તેનું અંતઃકરણ ચતુષ્કોણનું સંતુલન અસંતુલન હોય છે. એટલે ક્રિયા કે કર્મમાં નીતિ અને પ્રમાણિકતાની સંગતિ આવે અથવા તેને મહત્વ આપવામાં આવે તો, વિચાર પણ સારા રહે, અને રહેવા જ જોઈએ એ જ સત્યશીલ વિચારવાન કહેવાય, જે રામ તત્વ પ્રગટાવવા માટેનું પ્રથમ પગથિયું છે. શીલ એક મર્યાદા પ્રેરક સંસ્કાર છે, અને એટલે જ આપણે સહનશીલ, સંવેદનશીલ, પ્રયત્નશીલ, લાગણીશીલ, વગેરે શબ્દ પ્રયોગ કરતા હોઈએ છીએ. એટલે વિચારોમાં આપણી સંસ્કૃતિ મુજબની મર્યાદાનું શીલ જળવાય એવા વિચારો કરવા જોઈએ.

**ઉચ્ચાર**

પરમાત્મા એ માનવીને એકને વાણીનું વરદાન આપ્યું છે, અને આ જીભ ગમે તેવું બોલવાં માટે નથી. આ ઉપરાંત શબ્દને પણ આપણે ત્યાં બ્રહ્મ કહેવાયો છે, તો એની મર્યાદા અને એ પ્રકારે તેનું શીલ જાળવી અને ઉચ્ચાર એટલે કે આપણી બોલીથી કોઈ અભદ્ર વાત કહેવાય ન જાય, અશ્લીલતા કે ઉછાછળા પણું ન લાગે, એમ બોલવું જોઈએ. આ ઉપરાંત ભાષા પ્રેરક પણ તેને દોષ ન લાગે એ રીતે મીત ભાષી અને મધુરતાથી ઉચ્ચાર કરવો જોઈએ.ઉચ્ચાર સ્પષ્ટ અને સામેવાળા ને સ્પષ્ટ રીતે સમજાઈ જાય, ઉપરાંત તેની ગરિમા જળવાય રહે એમ બોલવું જોઈએ.

**આચાર**

આચાર એટલે આચરણ, અને સૌથી મોટી સમસ્યા ત્યાં જ આવીને અટકે છે. એટલે કે વિચારોમાં પણ આપણે સત્ય રાખી શકીએ, ઉચ્ચારમાં મનમાં કંઈક જુદો ભાવ હોવાં છતાં દંભ કરી કરી શકીએ, પરંતુ આચરણ આપણે જે વિચારતા હોઈએ એ મુજબનું થતું નથી. ઘણીવાર આપણે એ રીતે પણ ન કરવાનું કરી બેસતા હોઈએ છીએ, અને ઘણી વાર હું એકલી કે એકલો શું કામ કરું? બધાંની ફરજ છે, બધા ને આમ કરવું જોઈએ, એમ સમજીને પણ કરતા નથી. ભૂલ આપણી ત્યાં થઈ કે આપણે સત્યનો પ્રચાર તો બહુ મોટા પાયે કર્યો, પરંતુ આચારમાં એટલું ઉતારી શક્યા નહીં, કારણ કે ભોગ ની આળપંપાળ વધતી જ ગઈ, એટલે સુખ સુવિધા ને મહત્વ વધુ પડતું અપાયું, એટલે પરિવાર તૂટતા ગયા અને ઉપરથી ટૂંકા પણ થતાં ગયા, એને કારણે આજે આપણા જ દેશમાં આપણી સંખ્યા ઓછી થઈ ગઈ અને આજે આ વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે, કે જેમાં આપણા અસ્તિત્વને અન્ય ધર્મ કે જે હિન્દુ હોવા છતા સંપ્રદાયના વાડા બનાવી બેઠાં છે, તેમજ અમુક કટ્ટર વિધર્મી ઓ સામે ટકાવવું એ આજે એક યક્ષપ્રશ્ન થઈ ગયો છે. કોઈ પણ ક્ષેત્રની ચૂંટણી હોય તો લોકો જોરજોરથી તેનો પ્રચાર કરે છે, પરંતુ ચૂંટણીનું પરિણામ આવી જતાં પ્રચાર બંધ થઈ જાય છે. બસ એ જ રીતે આપણે પણ સત્યનો પ્રચાર તો કર્યો, પણ આચરણ કરવાનો વારો આવ્યો ત્યારે હાથ પાછા લઈ લીધા. થોડા વખત પહેલાંની વાત ઉદાહરણ પરથી જોઈએ તો કાશ્મીર ફાઈલ્સ ફિલ્મ આવી, અને દરેકે દરેક ક્ષેત્રે હિન્દુત્વનો નારો લાગ્યો, ટીવી મીડિયા, વર્તમાન પત્ર મીડિયા, અને સોશિયલ મીડિયાએ ગજબની ખુમારી દેખાડી. પરંતુ સોડા બોટલનો ઉભરો હોય તેમ હવે બધું જ સમ થઈ ગયું, અને જ્યાં ન સહન કરવાનું હોય ત્યાં સહન શક્તિ દેખાડી, અને હિન્દુ પ્રજા શાંત થઈ ગઈ. શું કામ? કારણ કે એની માટે થઈને આચરણ કરવાનું હતું, એની માટે ત્યાગ કરવાનો હતો, એની માટે બલિદાન દેવાના હતાં, જે આપણાથી થઈ શકે એમ નથી. તો આપણને હિન્દુ કહેવડાવવા માટે રામ ચરિત્ર ને સમજવું પડશે, એ તત્વને આત્મસાત કરવું પડશે, અને એ રામ તત્વને પ્રગટાવવા માટે આચરણ એ એક મહત્વનું પગથિયું છે એ સમજી, સત્યના આચરણ ને જીવનમાં ઉતારીશું, તો જ જીવન સત્ય અને જીવનની પ્રસન્નતા બરકરાર રહેશે. હમણાં અમારા ઘરમાં વડીલ દાદા ના ભાઈઓ ને બધા ભેગા થયા છે, અને એક નાનાં પાયે કુટુંબ મેળો થયો છે. દરેક ભાઈઓના સાંપ્રત સમયની પરિસ્થિતિ માટે સરકાર અને તેના પક્ષો શું કાર્ય કરી રહ્યા છે કે નથી કરી રહ્યા એ અંતર્ગત બેબીના મત ધરાવે છે અને એ બાબત સતત કોઈને કોઈ વાતચીતો થતી હોય છે. એમાં મુખ્ય વાત અત્યારે નાનામાં નાના માણસો આ મોંઘવારીને કેમ પહોંચી વળતા હશે? એ વિશેની કરુણાની થાય છે અને જે દરેક સજ્જનને અનુભવાય! એમાં કોઈ બે મત નથી. કારણ કે હાલ મોંઘવારી ખૂબ જ વધી ગઈ છે, અને સામે જરૂરિયાતો પણ એટલી વધી ગઈ છે. આપણે આ ગણિત પણ ઘણીવાર ચિંતનમાં વિસ્તૃત રીતે વાત કરી હતી, કે જે વસ્તુ ડિમાન્ડમાં હોય એનાં ભાવ વધવાના જ છે! જરૂરિયાતો ઓછી કરવા સિવાય મોંઘવારીનો એક પણ વિકલ્પ નથી, અને એની પર કોઈ રાજકીય પક્ષ આજે નહિ પણ ક્યારેય કામ કરી શકશે નહીં, એ તો આપણે એટલે કે વ્યક્તિ એ પોતે જ કરવું પડશે. આમ પણ આપણે રાજકીય પક્ષ કે વાત સાથે કોઈ સંબંધ નથી, આપણે આપણું આ મહામૂલૂ મનુષ્ય જીવન એમ નેમ વ્યતિત ન થઈ જાય એ માટે, આ રીતે થોડી જાગૃતિ લાવવી પડશે, ત્યારે જ આપણે આપણા સાચા ધર્મ એટલે કે જીવનને ઉચ્ચ કક્ષાએ લઈ જતી પદ્ધતિ ને સમજી શકીશું, અને એને અનુસરીને સનાતન ધર્મનો પાયો મજબૂત કરી શકીશું. આપણે સૌ આપણા જીવનમાં પંચ શીલ સત્ય પ્રાણ પ્રતિષ્ઠા કરી રામ તત્વને સમજી મૂળ સનાતન ધર્મના અદ્‌ગોશક બની સનાતન ધર્મનો પાયો મજબૂત કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# ભારતની ભવ્ય ધરા પર ઇશ્વર ભગવાનનો અવતાર આગમન



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

ભારતની ભવ્ય ધરા પર ઈશ્વર ભગવાનનો અવતાર આગમન ક્યારે અને કેવા સંજોગો થયું તે જાણવા પ્રયત્ન કરીએ. વેદના પુરુષસૂક્તનું મનન બતાવે છે કે ઉપાસના માટે નિરાકાર બ્રહ્મ નો ઉપયોગ અતીત કાળમાં થતો હતો.પણ જે સમયે પુરુષ સૂક્ત રચાયું હશે,તે પહેલાં સાકાર અને સગુણ બ્રહ્મ પણ પ્રચારમાં હશે જ કેમ કે ત્યાં પ્રશ્ન કરવામાં આવ્યો છે કે તે બ્રહ્મનું મુખ શું હતું? બાહુ શું હતા ? ઊરુ શું હતા અને પગ શું હતા ? એ પ્રશ્નો બતાવે છે કે હાથ-પગવાળા બ્રહ્મ પણ કલ્પાઈ ચૂકયો હતો. ઈશ્વર એટલે રાજા. રાજા એટલે મનુષ્યનો રાજા-અને રાજાનો પણ રાજા, મનુષ્ય ઈશ્વરની કલ્પના કરવામાં પોતાની સ્થિતિથી બહુ આગળ જઈ શક્યા નહિ.મનુષ્ય ઈશ્વરના વધારે શક્તિશાળીપણાનો સ્વીકાર કરી શકે છે પણ આકાર તો પોતાના આકારની જેમ જ કલ્પે છે. તેથી જ ઈશ્વર પણ હાથ, પગ, મુખ, માથું, મન વગેરે અવયવવાળો જ કલ્પાયેલો. અહી એવું લાગે છે કે જો ગધેડાએ પણ ઈશ્વરને માનતા હશે તો તેમનો ઈશ્વર ગધેડા જેવો જ આકાર ધરાવતો હશે. માખીઓ અને મચ્છરોનો ઈશ્વર માખી અને મચ્છર જેવા જ હશે. મનુષ્યોએ મનુષ્યની જેમ જ ઈશ્વર રચી કાઢયો. જે ઈશ્વર નિર્ગુણ તે નિરાકાર કલ્પાયેલો હતો તેનાં સ્વરૂપમાં વિકાસ થયા અને ક્રમે ક્રમે તે સગુણ ને સાકાર બન્યો, સગુણ ને સાકાર ઈશ્વરની પૂજા વૈદિકકાળના ક્યા વિભાગમાં થતી હશે તે નિશ્ચિતરૂપે કહી શકતા નથી. યજ્ઞોમાં જે ઈન્દ્ર,વરૂણ આદિ દેવોની પૂજા થતી હતી તે પણ કદાચ તેમને ઈશ્વર માનીને જ થતી હશે.જો એમ હો તો યજ્ઞકાળથી જ ઈશ્વરની રચનાનો આરંભ થયેલો કહેવાય.પણ મહાભારતને તે પછીના કાળમાં સગુણ સાકાર ઈશ્વરની જ પૂજા પ્રચલિત થઈ અને નિર્ગુણ-નિરાકાર બ્રહ્મ પદભ્રષ્ટ થયો એમ કહી શકાય. તેનું શાસ્ત્રોમાં સ્મરણમાત્ર અવશિષ્ટ રહ્યું.પૌરાણિક કાળ એને માટે વધારે ઉત્તરદાયી છે. તે સમયમાં જ સાકાર-બ્રહ્મોપાસના યુવાવસ્થામાં આવી.બ્રહ્મસૂત્રની રચના જ્યારે વ્યાસજીએ કરી તે સમયે પણ સાકાર-સગુણ બ્રહ્મનું દર્શન થતું નથી.જગદુત્પત્તિ આદિ ને લીધે તેને સગુણ માનવામાં આવે તો પણ હાથ પગવાળો ઈશ્વર કે બ્રહ્મ કોઈ જણાતો નથી. તેથી જ વિદ્વાનો એમ પણ માને છે કે બધાં પુરાણો વ્યાસકૃત નથી. પણ જે પુરાણેને વ્યાસકૃત માની લેવામાં આવ્યાં છે તેમાં પણ સાકાર બ્રહ્મ તો છે જ. તો પછી એક જ વ્યાસ બ્રહ્મસૂત્રમાં સાકાર બ્રહ્મનું સ્મરણમાત્ર પણ ન કરે, રામ, કૃષ્ણ, શિવ આદિનું નામ પણ ન લે અને પુરાણા બધાને બ્રહ્મની પદવી આપે એ બહુ જ આશ્ચર્યજનક ઘટના છે. બીજું સમાધાન કંઈ ન જડયું. ત્યારે વિદ્વાનોએ બાદરાયણ વ્યાસ અને દ્વૈપાયન વ્યાસ એ રીતે ભેદ પાડયો અને બન્નેનો કાળ અલગ અલગ શોધાયા.

પ્રથમ નિરાકાર બ્રહ્મની સાકાર ઉપાસનાને જ્યારે પ્રારંભ થયા અને તેનું પ્રતીક બનવા લાગ્યું ત્યારે સૌથી પ્રથમ જે પ્રતીકો અસ્તિત્વમાં આવ્યાં તે એ જ હતાંઃ શિવલિંગ અને શાલીગ્રામ. સિંધમાં આવેલા મોહનજોડોના ખોદકામમાંથી એક શિવલિંગ નીકળ્યું છે. ત્યાંથી જે વસ્તુઓ મળી આવી છે તેના પરથી કાળવિશેષજ્ઞાનોનો મત છે કે તે વસ્તુ મહાભારતકાળથી પણ પૂર્વની છે. જો એમ જ હોય તો એ વાત નિશ્ચિંત થાય છે કે મહાભારત પૂર્વે અથવા વધારે નહી તો મહાભારતના સમયમાં શિવલિંગ પૂજા અસ્તિત્વમાં હતી. પણ તે લિંગપૂજા જ; દેહપૂજા નહિ જ. વૈષ્ણવ ધર્મે શાલગ્રામની પૂજાનો પ્રારંભ કર્યો, તે પણ નિરાકાર બ્રહ્મનું જ પ્રતીક, હવે સમજાશે કે નિરાકાર બ્રહ્મવાદી ઓએ જ્યારે પ્રતીકે- પાસનાનો આરંભ કર્યો ત્યારે હસ્ત પાદાદિ અવયવ રહિત ગોળમટોળ શંકર અને શાલીગ્રામ એ બે જ ઉપાસ્ય દેવરૂપે આવ્યા. અને આ બેનું આગમન શૈવધર્મ અને વૈષ્ણવધર્મ ને આભારી છે. પછી તે ક્રાન્તિકાળ આવ્યો. શંકર અને વિષ્ણુ બન્નેના દેહાવયવમાં ક્રાન્તિ થઈ. શંકર એકમુખ બન્યા, પંચમુખ બન્યા, અર્ધનારીશ્વર બન્યા. વિષ્ણુ ચતુર્ભુજ બન્યા.

બન્ને અસ્ત્ર-શસ્ત્ર ધારી બન્યા. પૂર્વે કહેવામાં આવ્યું છે કે ઈશ્વર એટલે રાજા. રાજા એટલે પ્રજારક્ષક, અસ્ત્ર-શસ્ત્ર હીન રાજા પ્રજા રક્ષણ કરી શકે નહિ. તેથી બન્ને ઈશ્વરો અસ્ત્ર- શસ્ત્રથી સજ્જ થયા. શંકર અને વિષ્ણુ બન્નેના પગમાં ક્રાન્તિ ન થઈ. બન્ને બેપગા જ રહ્યા. એ ક્રાન્તિ આગળ વધી. શંકરનું રૂપ સર્વપ્રિય ન બની શક્યું તેથી તે પૂર્વરૂપ માં જ રહ્યા–લિંગ જ રહ્યા.વિષ્ણુનું રુપ સર્વપ્રિય અને આકર્ષક બન્યું. પણ માનવોને પાછળથી ચાર હાથવાળા ઈશ્વર ગમ્યા નહિ. વિજાતીયતા જણાઈ. તેથી પ્રથમ તે ઉપાસના કાળે અને પછી સદાને માટે વિષ્ણુ બે હાથ વાળા જ રહ્યા, પણ તેના નામો બદલાયાં.રામ અને કૃષ્ણ. પણ એક વાર પૃથ્વી પટલ ઉપર આવી ગયેલી વસ્તુ સ્વરૂપતઃ ભલે ભુંસાઈ જાય પણ ઈતિહાસના પાને તે અમર જ રહે છે. એવું ઈશ્વરો માટે પણ બન્યું. શંકરના ત્રણે નેત્રો રહ્યાં. માથે ગંગાજી વધ્યાં. લિંગ પણ રહ્યું. વિષ્ણુના ચારે હાથ રહ્યા અને ઘણા ય સ્થળે તે ચતુર્ભુજરૂપે પૂજાવવા લાગ્યા. પછી મનુષ્યોને એમ લાગ્યું કે ઈશ્વરને એકએક ઈશ્વરી પણ હોવી જોઈએ, કેમકે નરને નારી હોય છે.માટે બધા દેવાને પરણાવ વામાં આવ્યા. શંકર પાર્વતી સાથે પરણ્યા. વિષ્ણુએ નારાયણ નામ ધારણ કરી લક્ષ્મીને પત્નીબનાવ્યાં રામ અને કૃષ્ણએ તે પાછળના દેવા.એમને તે વિધિસર માનવની જેમ જ પરણાવવામાં આવ્યા. પછી મનુષ્યોએ વિચાર કર્યો કે પુત્રહીન માનવદેહી અભાગી ગણાય છે, તેની મુક્તિગતિ હોતી નથી. માટે બધા ય ઈશ્વતોને બે બે પુત્ર આપ્યા એક નપુત્રી રહી લક્ષ્મી દેવી. નારાયણનો વંશ આગળ વધ્યો નહિ.ઈશ્વર એટલે રાજા. રાજાઓના ગુણગાન થયાં કરે છે. ત્યારે ઈશ્વરના પણ ગુણગાન થવાં જોઈએ. કયા ગુણાનું ગાન ? ઉપાસકો અહીં મુંઝાયા. પણ જેમ તેમ ગાડુ ચલાવ્યું. એટલામાં જ રાજા દશરથને ત્યાં રામનો જન્મ થયો. રામ હતા રાજકુમાર. એમનામાં નખથી શિખા સુધી મનુષ્યએ પોતાના ગુણો, પેતાના ધર્મા ભર્યાં. રામ જ્યારે ઈશ્વર બન્યા ત્યારે રાજકુમાર રામની બધી બાળ લીલાઓ, યૌવનની લીલાએ તેમની સાથે જોડાઈ ગઈ. ગુણગાન માટે સુંદર સાધન મળ્યું. આ ઈશ્વર માનવજાતિને અનુકૂળ પડયો,બાળકો સાથે રમત, શિકાર, ક્ષત્રિયાચિત વીરત્વ,લગ્ન,વૈવાહિક જીવન,રાજગાદીની તૈયારી અને તેના ત્યાગ, સપત્નીક અને સક વનવાસ,શત્રુ સાથે યુદ્ધ, હારવું, જીતવું, મૂર્છા, ચેતના, હર્ષ, શેક, રોદન, પશ્ચાત્તાપ એ બધા માનવા ચિત ધર્મોના રામ ભગવાનમાં સાક્ષાત્કાર થયા. માટે રામ એ સૌ કરતાં ઉત્તમ શ્ર્વર મનાયા. વિષ્ણુનું નામ લગભગ ભુંસાઈ ગયું. વિષ્ણુ વિષ્ણુ મેલીને નામસ્મરણ ગયું (કેવળ દૈનિક સંકલ્પમાં જ રહ્યું) અને તેના સ્થાને રામરામ, એમ જપવાની પ્રથા આવી. રામે સર્વપ્રિય ઈશ્વર અને તે જ ભગવાન.પણ ભગવાન્ નામ પાછળથી આવ્યું. તેના ઈતિહાસ આગલા પ્રકરણમાં વાંચજો. દ્વાપરમાં કૃષ્ણે આવ્યા. વ્યાસજીએ તેમને પણ ઈશ્વર-પદ આપ્યું.

એ શ્વએ રામ કરતાં વધુ તેજસ્વી બનાવવાને પ્રયત્ન થયા અને કદાચ તે યત્ન સકળ પણ થયા. રામને લોકોએ રડાવ્યા, હસાવ્યા, વનવાસી બનાવ્યા, તેમની પત્નીનું હરણ પણ કરાવ્યું, રાવણને મારવાથી લાગેલાં બ્રહ્મ હત્યાનાં પાપ માંથી છૂટવા પ્રાયશ્ચિત પણ કરાવ્યું; રામને રાજા બનાવ્યા અને શ્રી સીતા ભગવતીનો ત્યાગ કરાવીને તેમને આખું જીવન રડાવ્યા. કૃષ્ણ માટે એવું કશું બન્યું નહિ. કૃષ્ણના ઈતિહાસમાં રડવા જેવી કોઈ વસ્તુ નથી. એમને પત્નીએ તો પાર વગરની પણ એમનું કાઇ હરણ કરે, એવું સાહસ કાઈમાં હતું નહિ. કૃષ્ણનું વ્યક્તિત્વ ખૂબ જ પ્રભાવ શાળી અને પ્રતિભાપૂર્ણ હતું. કૃષ્ણને રાજા થવાની ભૂખ ન હતી. તે બીજાને રાજ્ય અપાવી સુખી રહેનારા હતા. તેમનું જીવન પરોપકાર-પરાયણ હતું. કૃષ્ણનું જીવન રામ કરતાં વધુ યશસ્વી દેખાય છે. ભગવદ ગીતાએ કૃષ્ણને અમર બનાવી દીધા.કૃષ્ણનું તત્ત્વ જ્ઞાન અલૌકિક હતું. વાચક ચાહક મિત્રો પૃથ્વીલોક પર જીવસૃષ્ટિ અને મનુષ્ય અવતાર પછી ભારત ભૂમિ પર ઈશ્વર ભગવાનનું આગમન ક્યારે અને કેવી રીતે થયું તે બાબતે થોડું જાણ્યું જે તમારી સમક્ષ રજુ કર્યું.. ભૂલચૂક સુધારી ને સમજવા પ્રયત્ન કરવો.

## કાશ્મીરી યુવા ત્રાસવાદથી દુર થયા

જમ્મુ કાશ્મીરમાં સ્થિતીમાં ઉલ્લેખનીય સુધારો થઇ રહ્યો છે. ત્રાસવાદીઓની નાની લાઈફને લઈને યુવાનો તેમની ગતિવિધીથી હવે દુર થઇ રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં મોટી સંખ્યામાં યુવાનો હવે ખુલ્લી રીતે કહી રહ્યા છે કે તેમને શાંતિ અને સમૃદ્ધિની જરૂર છે. આના કારણે જ યુવાનો મુખ્યપ્રવાહમાં સામેલ થઇ રહ્યા છે. જેના લીધે તેમની સફળતાની ચર્ચા પણ જોવા મળી રહી છે. ત્રાસવાદથી કાશ્મીરી યુવાનો હવે દુર થઇ રહ્યા છે. પુલવામાની ત્રાસવાદી ઘટનાને ધ્યાનમાં લેવામાં ન આવે તો છેલ્લા દોઢ વર્ષના ગાળામાં જમ્મુ કાશ્મીરની સ્થિતીમાં ઉલ્લેખનીય સુધારો થયો છે. પાકિસ્તાન તરફથી ઘુસણખોરી લગભગ બંધ થઇ ચુકી છે. ત્રાસવાદના રસ્તા પર જઇ રહેલા કાશ્મીરી યુવાનોની સંખ્યામાં પણ ઉલ્લેખનીય ઘટાડો થઇ રહ્યો છે. અલ કાયદા જેવા ટોપ ત્રાસવાદી સંગઠન તો રાજ્યમાં વર્ષ ૨૦૦૫ બાદથી કોઇ ભરતી કરવામાં સફળ ન રહેતા ભારતને મોટી સફળતા હાથ લાગી છે. આ તમામ સફળતા અને સિદ્ધી માટે સેનાના અસરકારક પગલા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા કેટલાક વર્ષોમાં લેવામાં આવેલા પગલા છે. હવે ત્રાસવાદી ગતિવિધીને રાજ્યમાં જનતાનુ એવુ સમર્થન મળી રહ્યુ નથી જેવુ સમર્થન પહેલા મળતુ હતુ. કાશ્મીરમાં સ્થિતીમાં ઉલ્લેખનીય સુધારો થઇ રહ્યો છે. બેરોજગારી અને મનોરંજનના સાધનોની કમી થવા પાછળ પણ ત્રાસવાદી ગતિવિધી હતી. ખીણના યુવાનો ત્રાસવાદી ગતિવિધી તરફ ધકેલાઇ રહ્યા હતા જેથી બેરોજગારી વધી રહી હતી. મનોરંજનના સાધનો પર બ્રેક મુકાઇ ગઇ હતી. સવારથી લઇ સાંજ સુધી કામ વગર ફરતા યુવાનો ત્રાસવાદી લોકોના હાથમાં આવી જતા હતા. પથ્થર ફેંકવા જેવા કામ માટે પણ યુવાનોને ૨૦૦થી ૪૦૦ રૂપિયા જેવા મળી જતા હતા. આ સમસ્યાને ધ્યાનમાં લઇને રાજ્યપાલ શાસન દરમિયાન અહીં યુથ એન્ગેજમેન્ટ જેવા કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. હવે રાજ્યના આશરે ચાર લાખ યુવા આ કાર્યક્રમ હેઠળ ખેલકુદ, સાંસ્કૃતિક અને અન્ય કાર્યક્રમોમાં ભાગ લઇ રહ્યા છે. રાજ્યની સ્થિતી સમજવાના પ્રયાસ કરી રહેલા લોકોનુ કહેવુ છે કે પહેલાની તુલનામાં લોકોમાં અને ખાસ કરીને યુવાનોમાં આત્મવિશ્વાસ વધી રહ્યો છે. આજે પુલવામા અને શોપિયન જેવા વિસ્તારમાં પણ લોકો જવા લાગ્યા છે. આજથી બે વર્ષ પહેલા સુધી આ સ્થિતી ન હતી. પ્રથમ વખત એવુ બન્યુ છે જ્યારે ગૃહપ્રધાન અમિત શાહ આવ્યા હતા અને કોઇ જગ્યાએ વિરોધ પ્રદર્શન જોવા મળ્યા ન હતા. અમરનાથ યાત્રામાં ત્રણ લાખથી વધારે શ્રદ્ધાળુઓ બાબા બર્ફાનીના દર્શન કરી ચુક્યા છે.

# વલસાડના વાડિયા હોલમાં જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધા ૨૦૨૩ યોજાઇ



। વલસાડ, તા.૩૧ ।

ગુજરાત યોગાસન સ્પોર્ટ્સ એસોસિએશનના નેજા હેઠળ વલસાડ યોગાસન સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધા વલસાડની આવાબાઈ સ્કૂલના વાડિયા હોલમાં યોજવામાં આવી હતી. ગુજરાત યોગાસન સ્પોર્ટ્સ એસોસિએશનના સેક્રેટરી ઉમંગભાઈ ડોનના માર્ગદર્શન હેઠળ યોજાયેલી સ્પર્ધામાં ૯ વર્ષથી વધુ ઉંમરના ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે વલસાડના ડો. સંજીવભાઈ શાહ અને ડો. ડીનાબેન શાહ અને તનુજાબેન આર્ય ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ વય જૂથમાં ભાઈઓ અને બહેનોની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ખેલાડીને સુવર્ણ, રજત અને કાસ્ય પદક તથા પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વલસાડ જિલ્લા સંગઠનના યુવા મોરચાના પ્રમુખ સ્નેહિલ દેસાઈ તેમજ વલસાડના યુવક મંડળના પ્રમુખ અને સેનેટ સભ્ય કિરણ ભોયા દ્વારા વલસાડ યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં વિજેતા થયેલા સ્પર્ધકોને ઈનામો વિતરણ કરાયા હતા. રાજ્ય કક્ષાની હરિફાઈ રમવાની તક મળશે. સમગ્ર સ્પર્ધાનું સંચાલન જિલ્લા કો-ઓર્ડીનેટર પૂનમબેન બોડાવાલા, નિલેશ કોસીયા અને પ્રીતિબેન પાંડેએ કર્યુ હતું તેમજ નિર્ણાયક તરીકે પણ સેવા આપી હતી.

# સ્ટાર્ટ અપ થકી પોતાની અને અન્ય લોકોને માટે રોજગારીની નવી તકો ઊભી કરતા કોમ્પ્યુટર સાયન્સમાં સ્નાતક યુવા મિત્રો

। નવીદિલ્હી, તા.૩૧ ।

પોતાની આવડતનો ઉપયોગ કરી અન્ય લોકો માટે પ્રેરણા પૂરી પાડતા સાબરકાંઠા-અરવલ્લીના કોમ્પ્યુટર સાયન્સના વિદ્યાર્થી એવા બે યુવાનો સ્ટાર્ટઅપ થકી ખેડૂતોને મદદરૂપ બનવા અને તેમની આવક બમણી કરવાના વડાપ્રધાન શ્રીના સ્વપ્રને સાકાર કરવા નાના પરંતુ મક્કમ ડગલા ભરી રહ્યા છે. સાબરકાંઠા ઈડર ભદ્રેશ્વરના હિત દેસાઈ અને અરવલ્લી ભિલોડાના દિવ્યજીતસિંહ ચૌહાણ નામના યુવા મિત્રોએ ભેગા મળી એક એપ વિકસાવી છે જેમાં ખેડૂતને ઘરે બેઠા પોતાના પાકના




ભાવની જાણકારી મળે અને વેચાણ માટે માર્કેટ યાર્ડ સુધી જવું પડશે નહીં. બુલ એગ્રીટેક નામની નાની કંપનીની શરૂઆત થકી તેઓ ૨૫થી વધુ લોકોને રોજગારી પૂરી પાડવાની સાથે ખેડૂતોને મદદરૂપ બની રહ્યા છે. મોટા શહેરોમાં મળતી સારા પગારની નોકરી છોડી પોતાનો ધંધો વિકસાવ્યો, બુલ એગ્રીટેકના ૨૩ વર્ષીય હીત દેસાઈ જણાવે છે કે કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ પૂર્ણ કરી કોરોનાના સમયે ગામડે રહેતા ખબર પડી કે ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ મળતા નથી તેમના કાકાને કોરોના સમયે મરચીનો પાક વાવ્યો હતો બજારમાં મરચીની જરૂર હતી છતાં માર્કેટયાર્ડમાં પાકનો યોગ્ય ભાવ ન મળતા તેમના કાકા એ ગામડે ગામડે છૂટક વેપાર કરવો પડ્યો હતો. આમ કરવામાં ખેડૂતના સમય અને શક્તિ બંનેનો વ્યય થાય છે.

# રોટરી કલબ ઓફ અમદાવાદ વેસ્ટની ઈન્સ્ટોલેશન સેરેમનીમાં નવા હોદ્દેદારોની કરવામાં આવી નિમણૂક




રોટરી કલબ ઓફ અમદાવાદ વેસ્ટ સતત તેના કાર્યોથી આગળ વધી રહ્યું છે. જેમાં અવિરત ચાલતી આ સેવા યજ્ઞમાં અનેક નવા હોદેદારો મળી રહ્યા છે. ત્યારે ફરી એકવાર નવા હોદ્દેદારો નિયુક્ત કરાયા છે. રોટ્રીયન શ્રી રાજેન્દ્ર નાગરની પ્રેસિડેન્ટ તથા રોટ્રીયન પ્રણવ પંડ્યાની સેક્રેટરી તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી તથા બોર્ડ ઓફ ડીરેક્ટરોની પણ નિયુક્તિ કરાઈ હતી. ઈન્સ્ટોલેશન ઓફિસર શ્રી મૌલિન પટેલ તથા ઈન્ડક્શન ઓફિસર શ્રી હેમેન્દ્ર શાહની નિયુક્તિ કરાઈ હતી. હોદ્દેદારોની નિમણૂકનો આ કાર્યક્રમ સ્કાયઝ બેક્વેટ, પ્રહલાદનગર અમદાવાદ ખાતે ભવ્ય રીતે આયોજિત કરાયો હતો. આ દરમિયાન ચીફ ગેસ્ટ તરીકે ડૉ. ભૂષણ પુનાની, જનરલ સેક્રેટરી બ્લાઈન્ડ પીપલ એસોસિએન, અમદાવાદ કે જેઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મહત્વના કાર્યક્રમ નિમિત્તે રોટરી ક્લબ ઓફ અમદાવાદ વેસ્ટ સાથે જોડાયેલા તમામની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા હતા. ખાસ કરીને આઉટગોઈંગ પ્રેસિડેન્ટ દિવ્યેશ પટેલ અને સેક્રેટરી તન્મય પટેલની સ્પીચ મહત્વની રહી હતી.

# શું તમને ખબર છે, ભાગ્ય લક્ષ્મીના તાજેતરના લગ્ન સિકવન્સ માટે ઐશ્વર્યા ખરેએ ૨૦ કિલોનો લહેંગો પહેર્યો હતો?

ઝી ટીવીનો શો ભાગ્ય લક્ષ્મીએ તેના પ્રિમિયરથી જ બધા સારા કારણોસર સમાચારમાં રહ્યો છે. જે રીતે, ઐશ્વર્યા ખરે અને રોહિત સુચાંતિ ઉર્ફે આપણા પોતાના ઈરિષમીએ દર્શકોના દિલમાં ખાસ સ્થાન બનાવ્યું છે, તેઓ હવે ઘર-ઘરમાં જાણિતું નામ બની ગયા છે. તેમાં આવેલા નાટ્યાત્મક વણાંકોથી તેને વર્ષોથી દર્શકોને ટીવી સ્ક્રીન પર જકડી રાખ્યા છે. તાજેતરના એપિસોડમાં દર્શકો આશ્ચર્યમાં પડી ગયા, જ્યારે રિષીને જાણ થઈ કે, વિક્રાંત (મોહિત મલ્હોત્રા)એ સલોની (શ્રદ્ધા જયસ્વાલ)ની સાથે લગ્ન કરેલા છે. લક્ષ્મી વિક્રાંતની સાથે લગ્ન કરવા તૈયાર છે, ત્યારે આગામી સપ્તાહમાં ઘણા નાટ્યાત્મક વણાંકો તૈયાર છે! શોમાં ચાલી રહેલા નાટકએ બધાને સીટ પર જકડી રાખ્યા છે, ત્યારે આકર્ષક



દુલ્હન લક્ષ્મી ઉર્ફે ઐશ્વર્યા ખરેએ ટીવી સ્ક્રીન પર તેના દુલ્હનના કપડાની ભવ્યતાથી બધાનું ધ્યાન ખેંચ્યું છે. તેને એક સુંદર ગોલ્ડન અને લાલ રંગનો લહેંગા પહેર્યો છે, જેમાં તેને નોંધનિય નેકલેસ, એક માંગ ટિકા અને એક નથણી પહેરીને ઐશ્વર્યા ખૂબ જ અદભુત લાગી રહી છે! જો કે, બહું ઓછા લોકો જાણે છે કે, તેનો આ નવવધૂનો દેખાવ એક નવા પડકારો સાથે આવ્યો હતો. ચાલી રહેલા સિકવન્સ માટે ઐશ્વર્યાએ જે આકર્ષક લહેંગા પહેર્યો હતો.

# રેબેન એ પોતાના ફર્સ્ટ ઇનવર્ટેડ લેન્સ 'રિવર્સ' સાથે પોતાની પરંપરા તોડી



। નવીદિલ્હી, તા.૩૧ ।

દશક દર દશક રેબાન એક નવા જ ક્ષેત્રની તપાસ કરવાની હિંમત કરે છે. આ અતૃપ્ત જિજ્ઞાસાથી પ્રેરિત રેબાન રિવોલ્યુટીનરી રિવર્સ કલેક્શનની ચાર યુનિસેક્સ સનગ્લાસ શૈલીઓની રિલીઝ કરવામાં આવી છે, જેમાં અશક્ય નવા લેન્સને સંપૂર્ણપણે રિવર્સ આપવામાં આવ્યા છે.

આ કેમ્પિયન ફિલ્મમાં ફેમસ સુપર મોડલ વિક્ટોરિયા સેરેટ્ટી ચહેરા તરીકે દર્શાવવામાં આવી છે અને દર્શકોને ઝડપી ગતિના ઉચ્ચ ફેશન વિડિયો દ્વારા રિવર્સ આઈવેર પહેરેલા મોડેલનું પ્રદર્શન કરે છે. આઈવેર પર ફોકસ રાખીને રિવર્સનો ખ્યાલ જીવંત કરવા માટે આ ફિલ્મ એંગલ અને ફોકસ સાથે રમે છે.

અદ્યતન ઈજનેરીની એક અસાધારણ સિદ્ધિ, લેન્સનો આકાર નવીન અસ્પષ્ટ, પ્રિઝમેટિક અને રિઝોલ્વિંગ શક્તિઓને આભારી ઓપ્ટિકલ ચોકસાઈનો ત્યાગ કર્યા વગર પરંપરાગત બહિર્મુખથી અંતર્મુખમાં બદલાય છે. ઉચ્ચ-પ્રદર્શન વિરોધી ઝગઝગાટની સારવાર સાથે ત્યાર પેન્ટોસ્કોપિક લેન્સને તરંગ લંબાઈ પરના પ્રતિબિંબના ૭0% સુધી ઘટાડવા માટે પ્રાઈમ કરવામાં આવે છે જેના માટે આંખ સૌથી વધુ સંવેદનશીલ હોય છે. ચાર આઈકોનિક સિલુએટ્સ સ્પ્રિંગબોર્ડ તરીકે સેવા આપે છે જે અવંતગાર્ડે માં પ્રવેશ સાથે ક્લાસિક ડિઝાઈન ના અર્થને ઉલટાવે છે.

# લિટલ જાયન્ટ્સ ઇન્ટર-સ્કૂલ ક્રિકેટ અને ફૂટબોલ ટુર્નામેન્ટને અદભૂત સફળતા




અદાણી સ્પોર્ટ્સલાઈન દ્વારા અમદાવાદ ખાતે એક આકર્ષક ઈન્ટર સ્કૂલ ક્રિકેટ અને ફૂટબોલ ટુર્નામેન્ટનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. છોકરાઓ અને છોકરીઓની ટી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, તથા છોકરાઓની ટીમોએ ફૂટબોલમાં તેમનું કૌશલ્ય દર્શાવ્યું હતું

અદાણી સ્પોર્ટ્સલાઈન મલ્ટી-સ્પોર્ટ લિટલ-જાયન્ટ્સ ઈન્ટર-સ્કૂલ ચેમ્પિયનશિપ ૨૦૨૩ દ્વારા શહેરમાં રમતગમતની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાની આશા રાખે છે. તેનો ઉદ્દેશ્ય બાળકોને રમતગમત કરવા અને જીવનભર રમતગમતની આદત અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

ક્રિકેટ અને ફૂટબોલ ટુર્નામેન્ટે યુવા પ્રતિભાઓને ચમકાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે જેથી તેઓને ઓળખી શકાય અને રમત ગમત અને સ્પર્ધાઓ માટે તૈયાર કરી શકાય. ગર્લ્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સમગ્ર સ્પર્ધા દામિયાન ખાસ પ્રદર્શન જોવા મળ્યા હતા. ૨૫મી જુલાઈ ૨૦૨૩ના રોજ શરૂ થયેલી આ ટુર્નામેન્ટ પાંચ રોમાંચક દિવસો સુધી ચાલેલ આ ટુર્નામેંટ અમદાવાદ સ્થિત બે પ્રતિષ્ઠિત સ્થળોએઃ શિવાય ક્રિકેટ ગ્રાઉન્ડ અને અદાણી શાંતિગ્રામ ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ.

## BOLLYWOOD NEWS FLASH

**સના મકબૂલ હાલ પણ સારવાર લઈ રહી છે અને ન્યૂટ્રિશનથી માંડીને બધી વસ્તુઓ પર ધ્યાન આપી રહી છે**



# અભિનેત્રી સના મકબૂલ હેપેટાઈટિસથી પીડાય છે

। મુંબઈ, તા.૩૧ ।

એક્ટ્રેસ સના મકબૂલે હાલમાં જ ખુલાસો કર્યો છે કે, તે ગંભીર બીમારી સામે લડી રહી છે. સનાનું કહેવું છે કે, તે હેપેટાઈટિસનો શિકાર થઈ છે. આ જ કારણે તે માનસિક અને શારીરિક રૂપે પરેશાન થઈ ગઈ છે. એટલું જ નહીં બીમારીના લીધે તેણે કેટલુંય કામ ગુમાવ્યું છે. હાલમાં જ ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલી એક પોસ્ટમાં સનાએ પોતાની તબિયત વિશે જાણકારી આપી છે. સનાએ 'ખતરોં કે ખિલાડી ૧૧'માં ભાગ લીધા બાદ બ્રેક લીધો છે અને લાંબા સમયથી ટીવીના પડદાથી ગાયબ છે. શુક્રવારે ઈન્સ્ટાગ્રામ પર વિડીયો શેર કરતાં સનાએ જણાવ્યું કે, પહેલા તેને હેપેટાઈટિસનું સ્ટેજ F3-F4 હતું અને હવે સ્થિતિ સુધરતાં F1-F2 સ્ટેજ પર છે. આ બીમારીના કારણે તેના કામ પર પણ અસર પડી છે. જોકે, હવે તે ફરીથી કામ શરૂ કરવાની છે. સનાનું કહેવું છે કે, જ્યારે તેને સમંથા રૂથ પ્રભુની બીમારી વિશે ખબર પડી તો તે તેની પીડા સમજી શકી હતી.વિડીયો શેર કરીને સના મકબૂલે જણાવ્યું. વિડીયો શેર કરતાં સના મકબૂલે કહ્યું, નમસ્તે, આજે ૨૮ જુલાઈ છે. વર્લ્ડ હેપિટાઈટિસ ડે છે. હું તમને સૌને કંઈક કહેવા માગુ છું. ૨૦૨૦ ની વાત છે, એ વખતે મને ખબર પડી કે હું હેપેટાઈટિસની દર્દી છું. આ જર્ની દરમિયાન મેં ઈમોશનલી, ફિઝિકલી મેન્ટલી ખૂબ પીડા વેઠી છે. જોકે, સૌથી સારી વાત એ છે કે, ૨૦૨૧માં મેં ખતરોં કે ખિલાડીમાં ભાગ લીધો ત્યારે પણ આ બીમારી સામે લડી રહી હતી પરંતુ માનસિક સ્વસ્થતા મેળવી ચૂકી હતી.જોકે, આ બીમારીના લીધે મારા કરિયરમાં બ્રેક લાગી ગયો અને ખૂબ નુકસાન થયું. મારું બધું જ ધ્યાન મારા સ્વાસ્થ્ય પર હતું.

# અભિનેત્રી સુષ્મિતા સેનની તાલીનું ટીઝર આવી ગયું

## ગૌરી સાવંતના રોલમાં જોવા મળશે

### આ રોલમાં તે બિલકુલ ગૌરી જેવી દેખાઈ રહી છે, તેનું મજબૂત વ્યક્તિત્વ દર્શકોને ટ્રેલર જોવા માટે પણ ઉત્સુક બનાવે છે

। મુંબઈ, તા.૩૧ ।

હું ગૌરી છું, જેને કોઈ વ્યંઢળ કહે છે, કોઈ સામાજિક કાર્યકર કહે છે, કોઈ નૌટંકી કહે છે, તો કોઈ ગેમ ચેન્જર કહે છે. ગાળોથી તાળી સુધી આ સુષ્મિતા સેનની 'તાલી'નો ડાયલોગ છે. ૪૭ સેકન્ડના ટીઝરે લોકોને જાણે વેબ સિરીઝ જોવા માટે મજબૂર કરી દીધા છે. સુષ્મિતા સેન એટલી જોરદાર લાગી રહી છે કે તમે વખાણ કરતા થાકશો નહીં. તેણે આ પાત્રને ખૂબ સારી રીતે નિભાવ્યું છે. 'તાલી'ના ટીઝરમાં તેની મહેનત સ્પષ્ટપણે જોઈ શકાય છે. તાલીનું ટીઝર રિલીઝ થઈ ગયું છે. આ ટીઝરમાં સુષ્મિતા સેન એક ટ્રાન્સજેન્ડર



એક્ટિવિસ્ટ ગૌરી સાવંતની ભૂમિકામાં છે. આ રોલમાં તે બિલકુલ ગૌરી જેવી દેખાઈ રહી છે. તેનું મજબૂત વ્યક્તિત્વ દર્શકોને ટ્રેલર જોવા માટે પણ ઉત્સુક બનાવે છે.

જો 'તાલી'ની રિલીઝ ડેટની વાત કરીએ તો એક્ટ્રેસ સુષ્મિતા સેનની વેબ સિરીઝ જિયો સિનેમા પર ૧૫ ઓગસ્ટે રિલીઝ થશે. જ્યાં 'ગદર ૨' જેવી ફિલ્મ પણ સિનેમાઘરોમાં આવી રહી છે, તો બીજી તરફ તમને OTT પર 'તાલી' જોવા મળશે. બોલિવૂડની સુંદર અભિનેત્રી સુષ્મિતા સેન છેલ્લાં કેટલાંક દિવસોથી ચર્ચામાં છે. હાલ આ અભિનેત્રી તેની આગામી સીરિઝ 'તાલી'ને લઈને હેડલાઈન્સમાં છે. બોલીવુડથી ઘણાં સમયથી દૂર હતી તો હવે તે ફરી એકવાર OTT પર પોતાનો ચોંકાવનારો અવતાર બતાવવા માટે તૈયાર છે. તાલીના ટીઝરમાં એક્ટ્રેસ ટ્રાન્સજેન્ડર એક્ટિવિસ્ટ ગૌરી સાવંતની ભૂમિકામાં જોવા મળે છે. ટીઝરની શરૂઆત એક દમદાર ડાયલોગથી થાય છે. અહીં નોંધનીય છે કે સુષ્મિતા સેન ઘણાં લાંબા સમય સુધી બોલિવૂડના પડદેથી દૂર રહી છે. પરંતુ OTT પ્લેટફોર્મ આવ્યા બાદ તેના કરિયરમાં નવી ઉડાન આવી છે. સુષ્મિતા સેને 'આર્ય' સિરીઝથી કમબેક કર્યું. આ સિરીઝ સુપરહિટ સાબિત થઈ હતી. 'આર્ય'માં જ્વલંત સફળતા મળ્યા પછી ફરી સુષ્મિતા એક નવી સિરીઝ લઈને આવી રહી છે. નવા વેબ શો 'તાલી'માં સુષ્મિતા ટ્રાન્સજેન્ડર તરીકે જોવા મળી રહી છે. ટ્રાન્સજેન્ડર ગૌરી સાવંતે લાંબી લડાઈ લડી છે.

**૨૦૧૭માં ગૌતમ રોડે અને પંખુરીની સગાઈ થઈ અને એક વર્ષ બાદ તેઓ લગ્નના બંધનમાં બંધાઈ ગયા**

# માતા બન્યાં બાદ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થઈ પંખુરી અવસ્થી

। મુંબઈ, તા.૩૧ ।

ટીવી એક્ટર ગૌતમ રોડે અને પંખુરી અવસ્થી તાજેતરમાં જોડિયા બાળકોના માતા-પિતા બન્યા છે. પંખુરીએ તારીખ ૨૫ જુલાઈના રોજ એક પુત્ર અને એક પુત્રીને જન્મ આપ્યો હતો. માતા અને બાળક બંને સ્વસ્થ છે. પંખુરી અને બંને બાળકોને હોસ્પિટલમાંથી રજા આપ્યા બાદ ગૌતમ તાજેતરમાં જ ઘરે પરત ફર્યો હતો. પંખુરીને ૩૦ જુલાઈના રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ કપલના ઘરે જુડવા બાળકોનો જન્મ થયો છે, તે પણ એક દીકરો અને એક દીકરી. ટીવી એક્ટર પંખુરી અવસ્થી અને ગૌતમ રોડે તેમના બાળકોને સાથે રાખીને હોસ્પિટલની બહાર આવ્યા. તેમણે ખુશીથી પાપારાઝી માટે પોઝ આપ્યો અને દરેકનો આભાર માન્યો હતો. જ્યારે પાપારાઝીએ પંખુરી અને ગૌતમને માતા-પિતા બનવા બદલ અભિનંદન પાઠવ્યા ત્યારે અભિનેત્રીએ કહ્યું, 'તમારા બધાના આટલા પ્રેમ માટે આભાર. અમારા બાળકોને આવા જ આશીર્વાદ આપતા રહો. આ આપણને જરૂર છે. જ્યારે ગૌતમ રોડેએ કહ્યું, 'આપણે બધાને આશીર્વાદની જરૂર છે.



# ત્રીજી પત્ની નતાલ્યા ઈલીના સાથે પણ રાહુલ મહાજનના ડિવોર્સ

। મુંબઈ, તા.૩૧ ।

હજી એક દિવસ પહેલા જ એક્ટર ફરદીન ખાન અને પત્ની નતાશા માધવાનીના સેપરેશનના સમાચાર સામે આવ્યા હતા, ત્યાં વધુ એક જાણીતું કપલ ડિવોર્સ લેવા જઈ રહ્યું છે. રિપોર્ટ પ્રમાણે, રાહુલ મહાજન અને કઝાકિસ્તાન મોડલ નતાલ્યા ઈલીનાના લગ્નજીવનમાં ભંગાણ પડ્યું છે. ચાર વર્ષથી પરિણિત આ કપલે ગત વર્ષે જ ડિવોર્સ ફાઈલ કર્યા હતા. 'શરૂઆતથી જ બંને વચ્ચે કેટલાક મુદ્દા ચાલી રહ્યા હતા. જો કે, બંનેએ તેમના લગ્નને શક્ય એટલા વધારે લાંબા ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. તેઓ ગત વર્ષે અલગ થયા હતા અને ડિવોર્સ ફાઈલ કર્યા હતા', તેમ વિશ્વાસપાત્ર સૂત્રોએ પુષ્ટિ કરી હતી. ગત વર્ષે બંનેએ પેપરવર્ક પૂરું કર્યુ હતું. જો કે, ડિવોર્સ મળી ગયા કે હજી તેની પ્રક્રિયા ચાલી રહી છે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. નતાલ્યા રાહુલ મહાજનની ત્રીજી પત્ની હતી. અગાઉ તેણે શ્વેતા સિંહ સાથે ૨૦૦૬માં લગ્ન કર્યા હતા અને બે વર્ષના લગ્નજીવન બાદ ૨૦૦૮માં ડિવોર્સ લીધા હતા. જે બાદ તેની મુલાકાત પોતાના સ્વયંવર શો 'રાહુલ દુલ્હનિયા લે જાયેગા'માં ડિમ્પી ગાંગુલી સાથે થઈ હતી. બંનેએ ૨૦૧૦માં લગ્ન કર્યા હતા અને ૨૦૧૫માં અલગ થયા હતા. ત્રીજા ડિવોર્સ બાદ રાહુલની સ્થિતિ સહેજ પણ સારી નથી, તેમ એક તેના ખાસ મિત્રએ જણાવ્યું હતું. તેણે ઉમેર્યું હતું કે 'આ ડિવોર્સ બાદ કે એકદમથી ભાંગી પડ્યો છે. ગત વર્ષથી તેની સ્થિતિ સારી નથી. હવે તે નવા પ્રેમની શોધમાં છે. ભૂતકાળના અનુભવને ધ્યાનમાં રાખીને તેણે પોતાના અંગત જીવન વિશે વાત ન કરવાનું પસંદ કર્યું છે.

**પોલીસે જેનિફરની ફરિયાદ પણ નોંધી હતી, આ મામલે હાલ તપાસ આગળ વધી ના રહી હોવાનો જેનિફરે આરોપ લગાવ્યો છે**

# જેનિફર સાથે સોસાયટીની મહિલાઓ નથી કરતી વાત

। મુંબઈ, તા.૩૧ ।

ટીવી એક્ટ્રેસ જેનિફર મિસ્ત્રીએ થોડા મહિના પહેલા જ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના મેકર્સ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. જેનિફરે પ્રોડ્યુસર આસિત કુમાર મોદી પર જાતીય સતામણી અને પ્રોજેક્ટ હેડ સોહિલ રામાણી તેમજ એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર જતીન બજાજ પર માનસિક ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો હતો. જેનિફરે લગાવેલા આક્ષેપોની આડઅસર જોવા મળી છે. એક્ટ્રેસનું કહેવું છે કે, તેની સોસાયટીની મહિલાઓ તેની સાથે વાત કરવાનું બંધ કરી દીધું છે. મિસિસ રોશન સોઢીના રોલમાં જોવા મળેલી જેનિફરે મે મહિનામાં આરોપ લગાવ્યો હતો કે, પ્રોડ્યુસર આસિત કુમાર મોદીએ કેટલીયવાર તેની સાથે ફ્લર્ટ કરવાની અને તેનો લાભ ઉઠાવવાની કોશિશ કરી હતી. જેનિફરે આસિત મોદી, જતીન બજાજ અને સોહિલ રામાણી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જોકે, જેનિફરનું કહેવું છે કે, તેણે કેસ કર્યા પછી તેમાં કોઈ અપડેટ હજી સુધી આવી નથી. જેનિફરે ખુલાસો કર્યો છે કે, તે ૨૦૧૯ની આસપાસ પણ શો છોડવા માગતી હતી. જોકે, શોના પ્રોડ્યુસરોએ તેને જવા ના દીધી. આસિત મોદી અને સોહિલ રામાણીએ તેનું પેમેન્ટ અટકાવી દેવાની ધમકી પણ આપી હતી.



### વેલકમ ટુ સ્ટેચ્યુ ઓફ યુનિટી, વેલકમ ટુ ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક

# સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં પધાર્યા મહિલા અને બાળકલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા

### દેશના પ્રથમ અને અનોખા ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કની વિશેષ મુલાકાત લેતા મંત્રી ભાનુબેન બાબરીયા

। દીપક જગતાપ રાજપીપળા, તા.૩૧ ।

સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ વૈશ્વિક પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે સરદાર સાહેબની વિશ્વની સૌથી વિરાટ પ્રતિમાના સાનિધ્યમાં આવેલા વિવિધ પ્રકલ્પોમાના બાળકો માટે તૈયાર કરવામાં આવેલા એક અનોખા ચિલ્ડ્રન્સ ન્યુટ્રિશન પાર્કની ખાસ મુલાકાત લીધી હતી.



બાળકોનું પોષણ એ માતા-પિતાની સાથે રાજ્ય-રાષ્ટ્રનો પણ વિષય છે. આજનું બાળક આવતી કાલનું ભવિષ્ય છે માટે બાળકોની દરકાર લેતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે તૈયાર થયેલા ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક બાળકો માટે તૈયાર કરાયેલો દેશનો પ્રથમ અને અનોખો થીમ પાર્ક છે. જે ભારત સહિત સમગ્ર વિશ્વમાં બાળકો અને માતા પિતા માટે મુખ્ય આકર્ષણ કેન્દ્ર બન્યો છે, ત્યારે મંત્રી ભાનુબેન બાબરીયાએ મુલાકાત દરમિયાન ન્યુટ્રી ટ્રેન રાઈડમાં સફર કરીને પ્રત્યેક માર્ગે આવતા ફળશાક ગૃહમ, પાયોનગરી, અન્નપૂર્ણા, પોષણ પૂરમ અને સ્વસ્થ ભારતમ જેવા ન્યુટ્રીસિયશ સ્ટેશન્સની મુલાકાત લીધી હતી. દ્રશ્ય શ્રાવ્ય માધ્યમથી પોષણના જુદા જુદા પાસાઓથી બાળકોને જ્ઞાન સાથે ગમ્મત થકી માહિતગાર કરવાની આ પદ્ધતિથી પણ મંત્રી પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું કે, બાળકોને પોષણ વિષયક માહિતી ઉપલબ્ધ કરાવવા માટે ચિલ્ડ્રન પાર્ક સૌથી શ્રેષ્ઠ માધ્યમ છે. અહીંની મુલાકાત બાદ માતા-પિતા પણ પોતાના બાળકના પોષણ અને આરોગ્યની કાળજી લઈને બાળકનો યોગ્ય ઉછેર કરી શકે છે. વડાપ્રધાનના સહી પોષણ, દેશ રોશનના મંત્રને આ પાર્ક સાચા અર્થમા ચરિતાર્થ કરી રહ્યું છે. વાલીઓ પણ પોતાના બાળકને ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કમાં લાવવા અનુરોધ કર્યો હતો.

ઉપરાંત, રોજબરોજના જીવનમાં શારીરિક પ્રવૃત્તિ અને યોગ અપનાવવા તેમજ ભારતના રમત-ગમત ક્ષેત્રે ગુરુ-શિષ્ય પંરપરા વિશે બાળકોને સમજ કેળવવા સહિત આભાસી ટેનિસ-ક્રિકેટ ગેમ્સ, ફન ફીલ્ડ ડાન્સ પ્લેટફોર્મ, આઈસ હોકી વગેરે જેવી ઘણી રમતોથી બાળકોના સર્વાંગી વિકાસમાં વધારો કરતી પ્રવૃતિઓથી પણ મંત્રી ખૂબ પ્રભાવિત થયા હતા.

# ભરૂચમાં ૨૫૦ વર્ષથી ઉજવાતા મેઘઉત્સવ માટે મેઘરાજાની મૂર્તિને અપાયું અંતિમ સ્વરૂપ

### દિવાસાએ માટીની મૂર્તિની સ્થાપના બાદ પ્રથમ, દ્વિતીય અને તૃતીય રૂપ બાદ અપાઈ રહેલ અંતિમ સ્વરૂપ



કેતન મહેતા
। ભરૂચ, તા.૩૧ ।

એકમાત્ર ભરૂચ શહેરમાં ૨૫૦ વર્ષ કરતા વધુ સમયથી ઉજવાતો મેઘરાજાનો ઉત્સવ આ વર્ષે ખાસ બની રહ્યો છે.

અધિક માસને લઈ ભરૂચમાં મેઘરાજા બે દશક બાદ બે મહિનાની મહેમાનગતિ મણનાર છે. છપ્પનિયા દુકાળ પહેલાથી ઉજવાતા મેઘઉત્સવમાં સમસ્ત ભરૂચ ભોઈ સમાજ દ્વારા અષાઢ વદ અમાસ એટલે કે, દિવાસાના દિવસથી મેઘરાજાની માટીની કલાત્મક મનમોહક પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે.

જે બાદ સમાજના જ યુવા કલાકારો દ્વારા તેના મસ્તિષ્ક ઉપર ફેણીદાર નાગનો બીજો લુક બનાવી જાહેર કરાયો હતો. મેઘરાજને સફેદ રંગે રંગી ત્રીજું સ્વરૂપ આપ્યા બાદ હવે અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. મેઘરાજાના ફાઈનલ લુકમાં તેમને રંગ કરવામાં આવી રહ્યો છે. જે આજે રાતે તૈયાર થઈ જશે. બાદમાં તેમને ભવ્ય શણગાર અને પોશાક પહેરાવવામાં આવશે.




ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

કડાણા તાલુકાના દિવડા કોલોની ખાતે હરસિધ્ધેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટ ગોધરા સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય નો શુભારંભ સમારોહ યોજવામાં આવ્યો હતો. ઉદ ગાટક શ્રી કુબેરભાઈ ડિંડોરના હસ્તે પુસ્તકાલયનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સહુ આમંત્રિત મહેમાનો હાજર રહ્યા હતા. દીપ પ્રગટાવી શરૂવાત કરવામાં આવેલ હતી. નીમંત્રક શ્રી કલ્યાણસિંહ એન. પુવાર દ્વારા કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો.

### માંગરોલ ગામમાં ચાલતી સીબીએસસી સ્કૂલને સીબીએસસી બોર્ડની પરવાનગી વિના

# ચાલુ સત્રે અધવચ્ચેથી રાજપીપલા સ્કૂલમાં શિફ્ટ કરતા વાલી વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા

### ૮ વર્ષથી ચાલતી સ્કૂલને અચાનક સત્ર શરૂ થઈ ગયાં પછી અધવચ્ચેથી રાજપીપળા ગિરિરાજ ઇન્ટરનેશનલ સ્કૂલમાં શિફ્ટ કરાતા વાલી વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળ્યો

। રાજપીપળા, તા.૩૧ ।

નર્મદા જિલ્લામાં આવેલા નાંદોદ તાલુકાના માંગરોલ ગામેં ધોરણ ૧થી ૧૦ની સીબીએસસી સ્કૂલ વાઈબ્રન્ટ વેવ્સઈ ઈન્ટરનેશનલ એકેડમી નામની સીબીએસસી કાર્યરત છે. આ સ્કૂલને રાજપીપલાની ગિરિરાજ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે મર્જ કરવાના નિર્ણય સામે વાલીઓમાં ભારે રોષની લાગણી જન્મી છે.

નર્મદા કાંઠે આવેલ માંગરોળ ગામે છેલ્લા આઠ વર્ષથી વાઈબ્રન્ટ વેવ ઈન્ટરનેશનલ એકેડેમી નામની સ્કૂલ કાર્યરત છે. જે સ્કૂલ નો એપ્લિકેશન નંબર ૪૩૦ ૪૧૬ છે અને સ્કૂલ કોડ નંબર ૧૧૨૬૨ છે. આ નામથી સીબીએસસી સ્કૂલ ચાલે છે. તેમાં આજુબાજુના ગામોમાંથી આવતા નર્સરી, એલકેજીયુકેજી ના નાના ભૂલકાઓથી માંડીને ધોરણ ૧થી ૧૦ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવે છે.

ખાટલે મોટી ખોડ એ છે કે પરંતુ અચાનક માંગરોળ ની આ સંસ્થાના મેનેજમેન્ટ દ્વારા આ સ્કૂલને માંગરોળથી રાજપીપળા ખાતે આવેલી ગીરીરાજ ઈન્ટરનેશનલ સ્કૂલ માં ૩જી ઓગષ્ટથી શિફ્ટ કરવામાં શિફ્ટ કરવાનો નિર્ણય લેતા વાલી વિદ્યાર્થીઓ મૂંઝવણ માં મુકાઈ ગયા છે.જેનો વાલીઓએ વિરોધ દર્શાવ્યો છે અને જિલ્લા કલેકટરને લેખિત આવેદનપત્ર આપ્યું છે.

આવેદનપત્રમાં જણાવ્યું છે કે સીબીએસસી બોર્ડના નિયમ અનુસાર કોઈ પણ સ્કૂલને શિફ્ટ કરવી હોય તો તેની સીબીએસસી બોર્ડની પરવાનગી લેવી પડતી હોય છે. તેમજ શૈક્ષણિક વર્ષ પૂરું થાય ત્યારે અધવચ્ચેથી ચાલુ સત્રએ બોર્ડની પરવાનગી વગર શિફ્ટ કરી શકાયનહીં. તેમાટે સીબીએસસી બોર્ડની પરવાનગી લેવી પડે છે પરંતુ વાલીઓના જણાવ્યા અનુસાર મેનેજમેન્ટ દ્વારા બોર્ડની આવી કોઈ પરવાનગી લીધેલ નથી.

પણ મેનેજમેન્ટે પોતાના અંગત સ્વાર્થ માટે આ મનસ્વી રીતે પોતાનો નિર્ણય લીધો છે. અને અધવચ્ચેથી જ શાળાના વિદ્યાર્થીઓને બીજી શાળામાં શિફ્ટ કરવાની કામગીરી કરતા વાલી અને વિદ્યાર્થીઓમાં ભારે રોષની લાગણી જોવા મળી છે.. જેને કારણે ૧૬૫ જેટલાં વિદ્યાર્થીઓનું ભાવી અંધકારમય બની ગયું છે. મેનેજમેન્ટે પોતાના સ્વાર્થ માટે લીધેલા નિર્ણયને વાલી વિદ્યાર્થીઓએ સખત શબ્દોમાં વકોડી કાઢેલ છે. કરવાની કામગીરી પ્રાથમિક જિલ્લા શિક્ષણઅધિકારી તાત્કાલિક કાલિક અસરથી અટકાવે એવી વાલીઓએ માંગ કરી છે. શિક્ષણ કાનૂની ઉલ્લંઘન કરવા બદલ તેમની સામે કાયદેસરના પગલાં લેવાની પણ માંગ કરી છે.

# અમરનાથની યાત્રામાં મેડિકલ બેઝ કેમ્પમાં વડોદરાના ચાર મેડિકલ કર્મયોગી જોડાયા

। વડોદરા, તા.૩૧ ।

હિન્દુ પરંપરામાં અમરનાથ યાત્રાનો વિશેષ મહિમા હોય છે. શિવભક્તો મુશ્કેલ એવી અમરનાથની યાત્રા સુરક્ષિત રીતે કરી શકે અને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓની સ્થળે જ સારવાર મળે તે માટે યાત્રાના માર્ગ પર યોગ્ય અંતરે મેડિકલ બેઝ કેમ્પ ખડેપગે હાજર હોય છે. જેમાં વડોદરાના કુલ ચાર મેડિકલ પ્રોફેશનલે સેવાનો લ્હાવો લીધો છે. આ વર્ષે જુલાઈ મહિનામાં અમરનાથની યાત્રાની શરૂઆત કરવામાં આવી છે. હવામાનમાં આવતા ઝડપી બદલાવ, કુદરતી આપત્તિ તથા પ્રતિકૂળ વાતાવરણના કારણે યાત્રાળુઓ આરોગ્યલક્ષી સમસ્યાઓનો ભોગ બનતા હોય છે. યોગ્ય સમયે મેડિકલ સુવિધા મળે સમગ્ર રૂટ પર દર ૪ થી ૫ કિમી. ના અંતરે મેડિકલ બેઝ કેમ્પ કાર્યરત કરવામાં આવે છે. જેમાં આ વર્ષે વડોદરામાંથી કુલ ભરતભાઈ પટેલ, ડૉ. જાગૃતિ ચૌધરી, અંકિત ધોબી અને જાગૃતિ સાબરિયા એ સ્વેચ્છાએ આ સેવાનો લાભ ઉઠાવ્યો હતો. વડોદરાની એસ.એસ.જી. હોસ્પીટલમાં ફાર્માસિસ્ટ તરીકે ફરજ બજાવી રહેલા ભરતભાઈ પટેલે પણ સ્વૈચ્છિક રીતે આ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારબાદ અમરનાથની યાત્રા રૂટ પર શેષનાગ પોઈન્ટ પરના મેડિકલ બેઝ કેમ્પ પર ૨૦ દિવસ માટે સેવા આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. શેષનાગ સ્થળ પર હવામાન ખુબજ અસ્થિર રહે છે.



# શ્રમ અને રોજગારમંત્રી બલવંતસિહ રાજપૂતના અધ્યક્ષ સ્થાને બેચરાજી ખાતે વિકાસ કાર્યો અંતર્ગત બેઠક યોજાઇ

। મહેસાણા, તા.૩૧ ।

આધશક્તિ માં બહુચરાજીના પવિત્ર યાત્રાધામ બેચરાજીના વિકાસ માટે સરકાર કટિબધ્ધ બની છે. બેચરાજીનો વિકાસ સુઆયોજીત પ્રમાણે થાય તે માટે કામ કરાઈ રહ્યું છે. બેચરાજીમાં આવતા યાત્રાળુઓની સુખ અને સુવિધા માટે આગામી સમયના આયોજન માટે નાગરિક ઉડ્ડયન મંત્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી. પવિત્ર યાત્રાધામના સર્વાંગી વિકાસની કામગીરી માટે સંબધિત અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા. બેઠકમાં મંત્રીશ્રીએ બેચરાજી ખાતે થનાર આગામી કાર્યોની સમીક્ષા કરી જરૂરી સૂચનો કર્યા હતા. બેઠકમાં પ્રવાસન વિભાગના સચિવ હારિત શુક્લા,જિલ્લા કલેકટર એમ નાગરાજન, જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમ પ્રકાશ, પુર્વ ગૃહમંત્રી રજનીભાઇ પટેલ, ધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર, નિવાસી અધિક કલેકટર ઈન્દ્રજીતસિંહ વાળા બેચરાજી ટેમ્પલ ટ્રસ્ટના વહીવટદારશ્રી,અધિકારીઓ તેમજ સંબધિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### બનાસકાંઠા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર

# વરુણકુમાર બરનવાલના અધ્યક્ષસ્થાને પાલનપુર ખાતે મતદાન મથકોના પૂનર્ગઠન અંગેની સમીક્ષા બેઠક યોજાઇ

### જિલ્લાના કુલ ૨૬૧૨ મતદાન મથકો પૈકી ૬૧ મર્જ કરાયા, ૪ નવા ઉમેરાયાઃ કુલ ૨૫૫૫ મતદાન મથક થયા

। મહંમદ રફીક શેખ (રાજુ) ડીસા, તા.૩૧ ।

બનાસકાંઠા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર વરુણ કુમાર બરનવાલના અધ્યક્ષસ્થાને ૩૧ જુલાઈના રોજ પાલનપુર ખાતે આગામી લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ અંતર્ગત મતદાન મથકોના પૂનર્ગઠન અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ભારતના ચૂંટણી પંચની સુચનાઓ મુજબ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મતદાન મથક દીઠ મતદારોની સંખ્યા ૧૫૦૦ થી વધે નહી તે ધ્યાને લઈ મતદાન મથકનું શિફ્ટીંગ, મતદાન મથકના સેક્શન શિફ્ટીંગ તેમજ મતદાન મથક મર્જ કરવાની કામગીરીનું વિગતવાર રાજકીય પક્ષોના પ્રમુખ અને પ્રતિનિધિઓની હાજરીમાં સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત રાજકીય પક્ષો દ્વારા આપવામાં આવેલ સુચનોને ધ્યાને લઈ યોગ્ય આયોજન કરવા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર દ્વારા માર્ગદર્શન અને સૂચના આપવામાં આવી હતી. જિલ્લામાં કુલ ૨૬૧૨ મતદાન મથકોમાંથી ચૂંટણી પંચની સૂચના મુજબ ૬૩ મતદાન મથક ઘટાડવાની દરખાસ્ત ને પગલે ૬૧ મતદાન મથક મર્જ કરવામાં આવ્યા છે. જયારે ૧૫૦૦ કરતાં વધુ મતદારોની સંખ્યા હોય એવા ૪ મતદાન મથકો નવા ઉમેરવામાં આવતાં જિલ્લામાં સુધારા વધારા સાથેના કુલ ૨૫૫૫ મતદાન મથકો થયા છે. બેઠક અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બનાસકાંઠાને મળેલ પ્રાથમિક દરખાસ્ત અન્વયે રાજકીય પક્ષોના પ્રતિનિધીઓ સાથે વિગતવાર મતદાન મથકોના પુનર્ગઠન વિશે ચર્ચા કરવામાં આવી હતી અને રાજકીય પક્ષો તરફથી મતદાન મથક સબંધિત સલાહ-સુચનોને આવકારવામાં આવ્યા હતા. બેઠકમાં દિયોદર ધારાસભ્ય કેશાજી ચૌહાણ, પાલનપુર ધારાસભ્ય અનિકેત ઠાકર, દાંતા ધારાસભ્ય કાંતિભાઈ ખરાડી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એચ. કે ગઢવી, તમામ ૯ વિધાનસભાના ચૂંટણી અધિકારીઓ અને રાજકીય પક્ષઓના પ્રમુખ / પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.




# માહિતી ખાતામાં 33 વર્ષ સેવા આપ્યા બાદ કેમેરામેન પ્રવિણભાઈ સોરઠીયા વયનિવૃત્ત

### નિવૃત્ત બાદનું જીવન નિરોગીમય અને પરિવારમાં સુખમય રીતે સમય પસાર કરે તેવી શુભેચ્છા આપતા સંયુક્ત માહિતી નિયામક હિરેન ભટ્ટ

। ગાંધીનગર, તા.૩૧ ।

માહિતી ખાતામાં ૩૩ વર્ષની લાંબી સેવા બાદ કેમેરામેન શ્રી પ્રવિણભાઈ સોરઠીયા ગાંધીનગર ખાતેથી આજે વયનિવૃત્ત થતાં તેમને માહિતી પરિવાર દ્વારા ભાવભરી વિદાય આપવામાં આવી હતી. માન.રાજયપાલ શ્રીના પ્રેસ સચિવ અને સંયુકત માહિતી નિયામક શ્રી હિરેનભાઈ ભટ્ટે નિવૃત્ત થતા પ્રવિણભાઈને શુભેચ્છાઓ પાઠવીને તેમના સંસ્મરણો તાજા કર્યા હતા અને એમનું નિવૃત્તિ જીવન નિરોગીમય રહે એવી શુભકામનાઓ આપી હતી.



માહિતી ખાતાની સમાચાર શાખાના નાયબ માહિતી નિયામક શ્રી જિગર ખુંટે પ્રવિણભાઈને શુભેચ્છા પાઠવતાં કહ્યું કે, સરકારી સેવામાંથી નિવૃત્ત થવું એક ફરજનો ભાગ છે. ખાતામાં અનુભવી માણસો વયનિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે શ્રી પ્રવિણભાઈની સેવાઓની માહિતી પરિવારને ચોક્કસ ખોટ પડશે. તેમણે ઉમેર્યું હતું કે, માહિતી ખાતામાં ૩૩ વર્ષની સુધી સેવા આપનારા શ્રી પ્રવીણભાઈ સોરઠીયા કર્મઠ અને ફરજપરસ્ત કર્મચારી છે. તેઓએ તેમનો મોટા ભાગના સેવાકાળ દરમ્યાન મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયે પોતાની ફરજ અદા કરી છે. આગળનું જીવન તેમનું પરિવાર સાથે સુખમય અને નિરોગી નિવડે તેવી શુભેચ્છા આપી હતી.

નિવૃત્ત થઈ રહેલા શ્રી પ્રવિણભાઈ સોરઠીયાએ તેમના પ્રતિભાવો આપતા જણાવ્યું હતું કે, સરકારી સેવાની આ સુદીર્ઘ સફરમાં માહિતી ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા મળેલ માર્ગદર્શન અને સહયોગના પરિણામે હું આજે આટલો સફળ થઈ શક્યો છું. તેમના આ સફરમાં સાથ આપનાર તમામ અધિકારીઓ અને કર્મચારીઓ તથા તેમના પરિવારજનોનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે માહિતી નિયામક કચેરી ગાંધીનગરની સમાચાર શાખાના કર્મચારીઓએ પણ નિવૃત્ત થતા શ્રી પ્રવિણભાઈ સોરઠીયાનું નિવૃત્તિ જીવન નિરોગીમય રહે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. પ્રવાસ આનંદદાયક તથા અત્યંત લાભદાયક પુરવાર થશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. બાળકો રમતગમત તથા બહારની અન્ય પ્રવૃત્તિઓમાં વધુ સમય વેડફશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. વિદેશમાં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમતમાં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો. તમારૂં નાનકડું પગલું તેમનો ઉત્સાહ વધારશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? તમારા જીવનસાથી તરફ બેદરકારી તમારા સંબંધ પર અસર કરી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લડ પ્રેશરના દરદીઓ. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. ગ્રુપને લગતી પ્રવૃત્તિઓ સાથે સંકળાવાથી તમે નવા મિત્રો બનાવશો. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો. તમારી કમાવવાની ક્ષમતા કઈ રીતે વધારવી તે માટેની જાણકારી તથા શક્તિ તમારામાં હશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે માનસિક તાણ છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો. જો કે તમારો સાથી સમજણ બતાવી ને તમને શાંત કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે. આજે તમને તમારો દિવસ કોઈ પણ સ્થળે શાંતિ મળે તે સ્થળે બધા સંબંધો અને સંબંધીઓ થી દૂર રહેવા નું ગમશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. તમારા જીવનનો પ્રેમ, તમારા જીવનસાથી આજે તમને કોઈ અદભુત સરપ્રાઈઝ આપશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે.

## જાપાનના શખસે ડોગ બનવા માટે ૧૨ લાખ રૂપિયા ખર્ચ્યા

। ટોક્યો, તા.૩૧ ।

ટ્વિટર પર 'ટોકો' નામથી જાણીતી એક જાપાની વ્યક્તિ શ્વાનના રૂપમમાં જીવી રહી છે. ગત વર્ષે ટોકોએ કૂતરા જેવો કોસ્ચ્યૂમ બનાવવા પર લગભગ ૧૨ લાખ રૂપિયા ખર્ચ કર્યા હતા. ત્યારથી, તે પોતાના ટ્વિટર પેજની સાથે-સાથે પોતાની યુટ્યૂબ ચેનલ પર 'એક શ્વાનના રૂપમાં પોતાનાજીવન'અંગેપોસ્ટ કરીરહ્યો છે. જાપાની કંપની ઝેપેટ ટીવી જાહેરાતો અને ફિલ્મો માટે કોસ્ચૂમ બનાવે છે, જેણે ટોકો માટે શ્વાનનો કોસ્ચ્યૂમ ડિઝાઈન કર્યો છે. તેને બનાવવામાં કંપનીને ૪૦ દિવસ લાગ્યા. ટોકોનો એક વિડીયો હાલમાં સોશિયલ મીડિયા પર લોકોનું ધ્યાન ખેંચી રહ્યો છે. તેમાં ટોકોને પોતાના કેટલાક મિત્રોની સાથે ફરતો જોઈ શકાય છે. ટોકોના દોસ્તોને તેના આ ટ્રાન્સફોર્મેશન અંગે જાણ નથી. પોતાના દરેક વિડીયોમાં ટોકો હંમેશા શ્વાનના પોષાકમાં જોવા મળે છે અને ક્યારેય તેનો ચહેરો બતાવ્યો નથી. ટોકોને ડર છે કે, જો તેના દોસ્તોને તેના આ શોખ અંગે ખબર પડી જશે તો તેઓ શું વિચારશે? ટ્વિટર પર શેર વિડીયોમાં ટોકો એક શ્વાનના રૂપમાં પાર્કમાં ફરતો જોવા મળી રહ્યો છે.

## ઊંચી તાડ જેવી યુવતીના પ્રેમમાં પડ્યો યુવક

। નવી દિલ્હી, તા.૩૧ ।

મોટા ભાગે આપણે જે પરંપરાગત કપલ જોઈએ છીએ, તેમાં છોકરીઓની હાઈટ હંમેશા છોકરાથી ઓછી હોય છે. જો છોકરી થોડી લાંબી છે, તો તેને ખભા સુધી આવી શકે છે. પણ કદાચ આપને ભાગ્યે જ આવા કપલ જોયા હશે, જેમાં છોકરીએ પોતાના પાર્ટનરથી લગભગ ૧ ફુટ લાંબી હોય. આવી જ એક જોડી બ્રિટેનમાંથી સામે આવી છે, જેમાં છોકરો અને છોકરીની હાઈટમાં અંતર સ્પષ્ટ દેખાય છે. રિપોર્ટ અનુસાર, લિઝી ઝેડ ગ્રૂમબ્રિજ નામની છોકરીની હાઈટ ૬ ફુટ ૩ ઈંચ છે, જે છોકરીઓના હિસાબથી ખૂબ વધારે છે. ૨૯ વર્ષની લિઝીનો પાર્ટનર છે, ૩૦ વર્ષના જેમ્સ. એવું નથી કે જેમ્સ લિઝીથી વધારે ઊંચા કદનો છે, પણ તેની હાઈટ છોકરાઓના હિસાબથી થોડી ઓછી છે. જેમ્સની હાઈટ ૫ ફુટ ૮ ઈંચ છે. લિઝી જણાવે છે કે, તે બાળપણમાં આટલી ઊંચી હાઈટને લઈને ખૂબ જ અજીબ અનુભવ કરતી હતી. ૧૬ વર્ષની ઉંમર સુધી તે ૬ ફુટની થઈ ચુકી હતી. જો કે, હવે તે તેને લઈને કોન્ફિડેન્ટ રહે છે અને પોતાના અનુસાર કપડા અને હીલ્સ પણ પહેરે છે. હા એ વાત અલગ છે કે, તે પોતાના બોયફ્રેન્ડ સાથે નીકળે છે, તો લોકો તેને વિચિત્ર નજરે જુએ છે.

### શૂટરોને આપ્યું હતું ઉમેશ પાલનું લોકેશન

# અતીક અહેમદના વકીલ વિજય મિશ્રાની ધરપકડ

### આ સિવાય અહેમદ બ્રધર્સના મોત બાદ પણ તે શાઈસ્તાનાં સંપર્કમાં હતો, તે ગેરકાયદેસર સંપત્તિની ડીલ કરતો હતો

। પ્રયાગરાજ, તા.૩૧ ।

યુપી સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) અને પ્રયાગરાજ પોલીસની સંયુક્ત ટીમે ઉમેશ પાલ મર્ડર કેસમાં અતીક અહેમદના એક વકીલની ધરપકડ કરી હોવાનો દાવો કર્યો હતો. કાકરાના (સરાયઈનાયત) રહેવાસી વકીલ વિજય કુમાર મિશ્રાની લખનઉથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, આઈપીસીની કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૫૦૬, ૩૪ અને ૧૨૦ Bની સાથે-સાથે ૭ સીએલસી એક્ટ, એક્સપ્લોસિવ એક્ટની કલમ ૩ તેમજ એસસી-એસટી એક્ટની કલમ ૩ (૨) હેઠળ ધૂમનગંજ પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ હતી. અન્ય વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે અતીકના ધરપકડ થયેલા વકીલ ખાન દૌલત હનીફના નિવેદન તેમજ અન્ય ઈલેક્ટ્રોનિક પુરાવાના આધારે મિશ્રાની ધરપકડ કરી હતી. રિપોર્ટ્સ પ્રમાણે, વિજય મિશ્રા અતીકની ગેરકાયદેસર સંપત્તિની ડીલ કરવામાં સામેલ હતો. તેના ભાઈ અશરફની પત્ની જૈનબ ફાતિમાના કહેવા પર વિજય મિશ્રાએ કેટલીક સંપત્તિને વેચાવીને પૈસા પહોંચાડ્યા હતા. સાથે જ છેલ્લા બે દિવસથી તે લખનઉમાં અતીકની બેનાની સંપત્તિની ડીલ કરવા માટે રોકાયો હતો. પોલીસના જણાવ્યા પ્રમાણે, પ્રયાગરાજના જ એક નેતા દ્વારા ગેરકાયદેસર સંપત્તિની ડીલ થવાની હતી. પૂછપરછમાં વિજય મિશ્રા પાસેથી પોલીસને કેટલીક મહત્વની જાણકારી મળી



હતી. અતીક અને અશરફની હત્યા બાદ સતત નાસતી ફરી રહેલી તેમની બેગમ શાઈસ્તા પરવીન અને જૈનબના તે સંપર્કમાં હતો. આ બંને મહિલાઓ સાથે તેની મુલાકાત પણ થઈ રહી હતી. વિજય મિશ્રાએ પર આરોપ છે કે, તેણે ઉમેશનું લોકેશન શૂટરને આપ્યું હતું અને તે જેલમાં બંધ અતીકના ભાઈ અશરફ સાથે સતત સંપર્કમાં હતો. રિપોર્ટ્સ પ્રમાણે, તે લખનઉની એક ફાઈવ સ્ટાર હોટેલમાં કોઈ મહિલા સાથે રોકાયો હતો.મહિલાના અતીકના પરિવાર સાથે કનેક્શન હોવાનું પણ કહેવાય રહ્યું છે. આ સિવાય અતીક અને અશરફને જે હોસ્પિટલના પરીસરમાં ગોળી મારવામાં આવી ત્યાં આસપાસ જ વિજય મિશ્રા ઉપસ્થિત હતો. તેના પર અતીકના નામે ખંડણી માગવાનો પણ આરોપ છે. જણાવી દઈએ કે, અહેમદ પરિવારે શૂટરો સાથે મળીને સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય રહી ચૂકેલા રાજુ પાલની હત્યાના સાક્ષી ઉમેશ પાલની ૨૪ ફેબ્રુઆરીએ હત્યા કરી હતી. ઉમેશ પાલ જ્યારે કારમાં પોતાના ઘર તરફથી જઈ રહ્યા હતા ત્યારે શૂટરોએ તેમને નિશાન બનાવ્યા હતા અને ફાયરિંગ કરવાની સાથે-સાથે બોમ્બ પણ ફેંક્યા હતા. આ ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ઉમેશ પાલ અને તેના બે ગનરને આસ પાસના લોકોએ તરત જ નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં ત્રણેયનું મોત થયું હતું. આ હત્યાકાંડમાં અતીક અહેમદનું નામ સામે આવ્યું હતું. અતીક અને અશરફ પર ઉમેશ પાલની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ હતો. ઉમેશ પાલ મર્ડર કેસમાં તેમના પત્ની જયા પાલે અતીક અહેમદ, અશરફ અહેમદ, અતીકની પત્ની શાઈસ્તા, દીકરા અસદની સાથે શૂટર અરમાન, ગુલામ, ગુડ્ડુ મુસ્લિમ અને સાબિર સામે કેસ નોંધાવ્યો હતો.



શ્રાવણના પવિત્ર મહિના દરમિયાન ગોરખપુરના શિવ મંદિર ખાતે સોમવારે ભક્તો મોટી સંખ્યામાં દર્શન માટે આવ્યા હતાં.

### બાસ્કેટબોલ રમવા ગયો ને ગેંગ ત્રાટકી

## ઓસ્ટ્રેલિયામાં ભારતીય મૂળના વિદ્યાર્થી પર બર્થડે સેલિબ્રેશન સમયે જીવલેણ હુમલો

### ઓસ્ટ્રેલિયામાં ભારતીય મૂળના ૧૬ વર્ષીય છોકરા પર જીવલેણ હુમલો કરી હત્યા કરવાનો પ્રયાસ કરાયો હતો

। મેલબર્ન, તા.૩૧ ।

ઓસ્ટ્રેલિયામાં અત્યારે ક્રાઈમ રેટ વધી ગયો છે અને તેવામાં ભારતીય મૂળના નાગરિકોની ત્યાં જાહેરમાં હત્યાઓના કિસ્સા પણ વધ્યા છે. મેલબર્નમાં ભારતીય મૂળના ૧૬ વર્ષીય રેયાન અને તેના ૨ મિત્રો પર ઓસ્ટ્રેલિયાના કેટલાક લોકોએ મળીને હુમલો કર્યો હતો. પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે આ હુમલો છોકરાના જન્મદિવસે તેના પર કરાયો હતો, આ સમયે તે તેના મિત્રો સાથે બાસ્કેટબોલ રમી રહ્યો હતો. તેવામાં અચાનક ૭થી ૮ લોકો આવ્યા અને તેના ગ્રુપને ધમકાવી રહ્યા હતા. જોતજોતામાં આ ગ્રુપે તેમની પાસેથી મોબાઈલ ફોન અને દ્વૈીના સ્નીકર્સ માગી લીધા હતા. આ લૂંટ દરમિયાન મામલો બિચક્યો અને શખસોએ તેના પર હુમલો કરી દીધો હતો. ત્યારે તેની સાથે રહેલા અન્ય ૨ લોકોને ગંભીર ઈજા પહોંચતા સ્થિતિ વણસી હતી. પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે ઓસ્ટ્રેલિયામાં આ ઘટના ટાર્નિટ શહેરમાં ઘટી છે.

જ્યાં રેયાન સિંહ નામનાં ભારતીય મૂળના વિદ્યાર્થી અને તેના દોસ્તો પર એક ગેંગ દ્વારા જીવલેણ હુમલો કરાયો હતો. ઉલ્લેખનીય છે કે આ બધા મિત્રો રેયાનના જન્મ દિવસની ઉજવણી કરી રહ્યા હતા. એટલે કે પહેલા તેઓ બાસ્કેટ બોલ રમી એન્જોય કરવાના હતા અને ત્યારપછી ડિનર માટે



પણ પરિવાર સાથે પાર્ટીમાં જવાના હતા. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સમાં ઉલ્લેખ કરાયો છે કે જ્યારે આ ૩ છોકરાઓ રમી રહ્યા હતા ત્યારે અચાનક એક ગેંગ ત્યાં આવી ગઈ હતી.

આ ગેંગમાં ૭થી ૮ લોકો હતા અને તેમણે હથિયારો વડે જીવલેણ હુમલો કરી દીધો હતો. ઉલ્લેખનીય છે કે મીડિયા રિપોર્ટ્સમાં જણાવ્યા પ્રમાણે રેયાન એક શાનદાર ક્રિકેટર પણ છે. તે અત્યારથી જ ક્રિકેટમાં કારકિર્દી બનાવવા માટે તત્પર છે. ત્યારે હવે અત્યારે રેયાનને આંગળીમાં ગંભીર ઈજા પહોંચી છે અને તેની સર્જરી પણ કરાવવી પડશે. એટલે કે હવે થોડા સમય માટે તે ક્રિકેટના મેદાનથી દૂર થઈ ગયો છે. એટલું જ નહીં ઓસ્ટ્રેલિયામાં જે પ્રમાણે લૂંટ કરવાના ઈરાદે હુમલાઓ અને હત્યાઓ થઈ રહી છે તેની સામે પણ સ્થાનિકોએ અવાજ ઉઠાવ્યો હતો. એટલું જ નહીં પોલીસે CCTV ફૂટેજ ચેક કર્યા તો જાણવા મળ્યું કે આમાં કુલ ૭થી ૮ લોકો સામેલ હતા અને એક બ્લેક ફ્રેમવાળી ગાડીમાં બેસીને ભાગી ગયા છે. હવે આ ગાડીમાં કોણ હતું અને કોની હતી તથા ક્યાં જતી રહી એ સવાલ ઊભો રહ્યો છે.

### પાકિસ્તાનમાં બોમ્બ બ્લાસ્ટની વધતી ઘટનાઓ

## પાકિસ્તાનમાં બોમ્બ બ્લાસ્ટ મૃત્યુઆંક ૪૪ પર પહોંચ્યો

। ઈસ્લામાબાદ, તા.૩૧ ।

પાકિસ્તાનમાંથી મોટા બોમ્બ બ્લાસ્ટના સમાચાર આવી રહ્યા છે. આ બ્લાસ્ટ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના બાજૌરમાં થયો હતો. પોલીસે જણાવ્યું કે, રવિવારે ખાર, બાજૌરમાં જમીયત ઉલેમા-એ-ઈસ્લામ-ફઝલના કાર્યકર્તા સંમેલનમાં થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૪૪ લોકો માર્યા ગયા હતા. પોલીસે એ પણ માહિતી આપી કે ૨૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે અને મોટી સંખ્યામાં ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બોમ્બ બ્લાસ્ટની મળતી માહિતી મુજબ, વિસ્ફોટ કોન્ફરન્સની અંદર થયો હતો અને કાયદા અમલીકરણ એજન્સીઓએ વિસ્તારને કોર્ડન કરી લીધો છે. બ્લાસ્ટ પછીના વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી રહી છે. ઘાયલ અને મૃતકોની સંખ્યા પણ વધી શકે છે. પાકિસ્તાની ન્યૂઝ ચેનલ સામા ટીવી સાથે વાત કરતા, વરિષ્ઠ JUIF નેતા હાફિઝ હમદુલ્લાએ સરકારને અપીલ કરી કે ઘાયલો માટે તાત્કાલિક તબીબી પગલાં સુનિશ્ચિત કરે. JUIF નેતાએ કહ્યું, 'આ જેહાદ નથી. આ સાવ આતંકવાદ છે.

### મુખ્ય પુજારીએ જાહેર કર્યો કાર્યક્રમ

## ભવ્ય મંદિરમાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠાની તારીખ નક્કી

### રામલલ્લાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૧૫ જાન્યુઆરીથી શરૂ થશે અને ૨૪મી જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા થશે

। અયોધ્યા, તા.૩૧ ।

અયોધ્યામાં જે ભવ્ય રામ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે તેમાં શ્રી રામલલ્લાની સ્થાપનાનો સમય નજીક આવી ગયો છે. મંદિરમાં શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠા કરવાની ડેટ ફાઈનલ થઈ ચુકી છે. અયોધ્યામાં ભવ્ય મહોત્સવ અને કાર્યોક્રમોની વચ્ચે મંદિરમાં શ્રીરામની સ્થાપના કરવામાં આવશે. શ્રી રામ જન્મભૂમિ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસે પ્રાણ પ્રતિષ્ઠાની તારીખ જાહેર કરી છે. તેમણે કહ્યું કે ભગવાન રામલલ્લાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૧૫ જાન્યુઆરી ૨૦૨૩થી શરૂ થશે અને ૨૪ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠા મંદિરમાં થશે. શ્રી રામ જન્મભૂમિ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસના જણાવ્યાનુસાર ૧૪ જાન્યુઆરીએ કમૂર્તા પૂર્ણ થશે. ત્યારબાદ ભગવાન શ્રી રામનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૧૫ જાન્યુઆરીથી શરૂ થશે અને પ્રાણ પ્રતિષ્ઠા ૨૪ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ દેશના મહાન વિદ્વાનોની હાજરીમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવશે. એટલે કે ત્યારબાદથી ભગવાન રામ ભવ્ય મંદિરમાં બિરાજમાન થશે.

**વિશેષ**

### નડિયાદની રૂડસેટ સંસ્થા દ્વારા ૩૦ દિવસની ફોટોગ્રાફી અને વિડિઓગ્રાફીનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો

# ખેડા જિલ્લાના ૨૭ જેટલા ગ્રામ્ય વિસ્તારના બી.પી.એલ પરિવારના બેરોજગાર યુવકોએ સફળતાપૂર્વક તાલીમમાં ભાગ લીધો હતો

### ૨૦૭૦૬ બેરોજગાર યુવક/યુવતીઓને વિવિધ કૌશલ્ય તાલીમ આપવામાં આવી જેમાંથી ૧૭૪૦૩ તાલીમાર્થીઓ પગભર થયા

બેરોજગાર યુવાન-યુવતીઓને નિશુલ્ક તાલીમ આપતી રૂડસેટ સંસ્થા, નડિયાદ દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ખેડાના સહયોગથી ૩૦ દિવસની ફોટોગ્રાફી અને વિડિઓગ્રાફીનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડા જિલ્લાના ૨૭ જેટલા ગ્રામ્ય વિસ્તારના બી.પી.એલ પરિવારના બેરોજગાર યુવકોએ સફળતા પૂર્વક તાલીમમાં ભાગ લીધો હતો.

આ તાલીમના પૂર્ણાહુતિ પ્રસંગે જિલ્લા ઉધોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી સજેદાબેન સબાસરા અને રૂડસેટ સંસ્થાના નિયામકશ્રી એલ.આર. ભરલા ઉપસ્થિત રહ્યા હતા. અને તાલીમાર્થીઓને મુખ્ય મહેમાનના હસ્તે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના નિયામક શ્રી એલ.આર. ભરલાએ તાલીમાર્થીઓને તાલીમનો સદુપયોગ કરી સ્વતંત્ર વ્યવસાય શરૂ કરી પોતે સ્વનિર્ભર થવા પ્રોત્સાહિત કર્યા હતા. નિયામકશ્રીએ જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૨૦૭૦૬ બેરોજગાર યુવક યુવતીઓને વિવિધ કૌશલ્ય તાલીમ જેવીકે મોબાઈલ રિપેરિંગ, એ.સી. ફ્રિજ રિપેરિંગ, ઈલેક્ટ્રિશીયન વાયરિંગ, સીવણકામ, બ્યુટી પાર્લર, વગેરે તાલીમ આપવામાં આવી છે. જેમાંથી ૧૭૪૦૩ તાલીમાર્થીઓ વ્યવસાય ચાલુ કરી પગભર થયા છે.



**ન્યૂઝ બ્રિફ**

## ST નિગમે ૧૦ વર્ષ બાદ એસટી બસના ભાડામાં વધારો કર્યો

। અમદાવાદ, તા.૩૧ ।

ગુજરાતને ઝટકો લાગે એવા સમાચાર આવ્યા છે. સરકારે ૧૦ વર્ષ બાદ ભાડામાં વધારો કરતાં મુસાફરોના ખિસ્સાં ખાલી થાય તેવી પૂરી સંભાવના છે. સરકાર બચાવ કરી રહી છે કે વર્ષ ૨૦૧૪ બાદ આજ દિન સુધી વિવિધ કારણોસર નિગમનું આર્થિક ભારણ ખુબ જ વધ્યું છે. જેને પગલે ગુજરાતમાં પણ બસની ટિકિટના ભાવમાં વધારો કરાયો છે. સરકારે નવા દરો પણ જાહેર કર્યા છે. આગામી દિવસોમાં બસમાં મુસાફરી કરો તો વધારે ટિકિટના પૈસા ચૂકવવાની તૈયારી રાખજો. નિગમની લોકલ બસોમાં ૮૫ ટકા મુસાફરો એટલે રોજના ૧૦ લાખ લોકો ૪૮ કિલોમીટર સુધીની મુસાફરી કરે છે જેઓને રૂપિયા ૧થી ૬ રૂપિયા સુધીનો વધારો ચૂકવવો પડશે.ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે પોતાનો બચાવ કરતાં જણાવ્યું છેકે, તેઓ મુસાફરોની સવલત માટે સતત પ્રયત્નશીલ અને ચિંતિત છે.

## પાંચ દિવસ માત્ર છુટો છવાયો વરસાદ પડવાની આગાહી

। અમદાવાદ, તા.૩૧ ।

વરસાદને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યમાં હાલ કોઈ વરસાદી સિસ્ટમ એક્ટિવ નહિ હોવાનું હવામાન વિભાગે જણાવ્યુ છે. સાથે જ હવામાન વિભાગે માહિતી આપી છે આગામી ૫ દિવસ ગુજરાતમાં છુટો છવાયો વરસાદ રહી શકે છે. સાથે જ ૨૪ કલાક હળવોથી મધ્યમ વરસાદ રહેવાની સંભાવના છે.ગુજરાતમાં આવતીકાલથી વરસાદ નહિવત અને છુટોછવાયો રહેશે. તો અમદાવાદમાં હળવો વરસાદ રહી શકે છે. ૭ દિવસ રાજયમાં ભારે વરસાદની કોઈ સંભાવના દર્શાવવામાં આવી નથી. આગામી ૫ દિવસ રાજ્યના કેટલાક ભાગોમાં સામાન્યથી મધ્યમ વરસાદની જ આગાહી છે. જો કે દરિયાકાંઠા વિસ્તારોમાં પવનની ગતિ વધારે રહેવાની સંભાવનાને પગલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. મહત્વનું છે કે રાજ્યમાં ચાલુ સીઝનમાં ૮૫ ટકા ઉપર વરસાદ વરસી ચુક્યો છે.

## અમદાવાદમાં ચોરી કરતી પુનિયા ગેંગના ત્રણ સાગરીતોની ધરપકડ

। અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદ શહેરમાં અવારનવાર નાની-મોટી ચોરીની ઘટનાઓ બનતી રહે છે. મોટેભાગ ચોરો ગેંગમાં જ ત્રાટકતા હોય છે અને ચોરીની ઘટનાને અંજામ આપ તા હોય છે. ત્યારે ગ્રામ્ય પોલીસે ચોરી કરતી એવી ગેંગ ઝડપી છે જેની મોડસ ઓપરેન્ડી જાણીને તમે પણ ચોંકી જશો. અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ ૨૦ લાખથી વધુના સોનાના દાગીના સાથે પુનિયા ગેંગના ત્રણ સાગરીતોની ધરપકડ કરી છે. આરોપી ચોરી કરેલો મુદ્દામાલ બેંક લોકરમાં અને પરિવારજનોના ઘરે છુપાવીને રાખતો હતો. જેને કારણે આરોપી લાંબા સમય સુધી ધરપકડથી બચી શકે. અમદાવાદ ગ્રામ્ય એલસીબીની કસ્ટડીમાં આવેલા આરોપીઓ પૂનમભાઈ ઉર્ફે પુનો પગી, અલ્પેશ કોળી અને અશોક કોળી છે. આ તમામ આરોપીઓ અમદાવાદ ગ્રામ્યના કોઢ, નળ સરોવર, વિરમગામ અને સુરેન્દ્રનગરના વઢવાણના છેવાડાના વિસ્તારોમાં ચોરીને અંજામ આપતા હતા.




**અમદાવાદ બાદ સુરતમાં પણ નબીરા બેફામ!**

# સુરત શહેરમાં કારચાલકે ૫ લોકોને અડફેટે લીધા



**મોટી સંખ્યામાં સ્થાનિક લોકો રસ્તા પર દોડી આવ્યા હતા અને કારચાલકને ઝડપી પાડી તેને માર મારી પોલીસને હવાલે કર્યો હતો**

। સુરત, તા.૩૧ ।

થોડા દિવસ પહેલા અમદાવાદના ઈસ્કોન બ્રિજ ઉપર બનેલી ઘટનાનું પુનરાવર્તન ગઈકાલે રાત્રે સુરતમાં જોવા મળ્યું હતું. સુરતના કાપોદ્રા વિસ્તારમાં કારચાલકે પાંચ જેટલા લોકોને અડફેટે લીધા હતા. જેને લઈને સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.

કારચાલક નશામાં હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે, જ્યારે સ્થાનિકોએ કારચાલકને માર મારી પોલીસના હવાલે કર્યો હતો. થોડા દિવસ પહેલાં અમદાવાદના ઈસ્કોન બ્રિજ ઉપર બનેલી ઘટનામાં નવ લોકોના જીવ ગયા બાદ સરકાર અને પોલીસ દ્વારા દારૂના નશામાં ગાડી ચલાવી અકસ્માત કરતાં હોય અથવા તો જીવના જોખમે ગાડી ચલાવી લોકો માટે આફત બનતાં લોકો સામે લાલ આંખ કરી છે. તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે, પણ જાણે ગુજરાતમાં લોકોને અકસ્માતો અને પોલીસના કાયદાની બીક રહી નથી તેમ લાગી રહ્યું છે. સુરતના કાપોદ્રા વિસ્તારમાં કારચાલકે બેફામ રીતે ગાડી હાંકી ત્રણ મોટર સાયકલ ઉપર પસાર થઈ રહેલા પાંચ લોકોને અડફેટે લીધા હતા. જેને લઈને તમામ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતની ઘટના બનતા મોટી સંખ્યામાં સ્થાનિક લોકો રસ્તા પર દોડી આવ્યા હતા અને કારચાલકને ઝડપી પાડી તેને માર મારી પોલીસને હવાલે કર્યો હતો. અકસ્માતને લઈને તાત્કાલિક દોડી આવેલા લોકોએ ૧૦૮ની મદદથી ઈજાગ્રસ્તોને ખાનગી હોસ્પિટલમાં ખસેડયા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ પણ ઘટના દોડી આવી હતી અને કારચાલકની ધરપકડ કરી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**મલિક ૪, જાન્યુઆરી ૧૯૯૪માં ઈન્ડિયન પોલીસ સર્વિસમાં જોડાયા હતા**

## અમદાવાદના નવા પોલીસ કમિશ્નર જીએસ મલિકે ચાર્જ સંભાળ્યો

**મલિકે ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, ગાંધીનગર અને નર્મદા સહિતના જિલ્લાઓમાં અગાઉ ફરજ બજાવી હતી**

। અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદ શહેરના નવા પોલીસ કમિશ્નર જીએસ મલિકે ચાર્જ સંભાળ્યો છે. કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સના ADG (APS) તરીકેની ફરજનો ચાર્જ ગત શુક્રવારે છોડ્યો હતો. ત્યાર બાદ તેઓ સોમવારે અમદાવાદ પહોંચ્યા હતા અને પોલીસ કમિશ્નર તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. અમદાવાદ પોલીસ કમિશ્નરની કચેરીએ જીએસ મલિકે પહોંચીને ચાર્જ વિધિવત ચાર્જ સંભાળ્યો હતો. નવા પોલીસ કમિશ્નર કચેરી ખાતે હાજર થતા તેમને ગાર્ડ ઓફ ઓનર આપીને સન્માન કરવામાં આવ્યુ હતુ.નવા કમિશ્નર જ્ઞાનેન્દ્રસિંહ મલિક ૪, જાન્યુઆરી ૧૯૯૪ માં ઈન્ડિયન પોલીસ સર્વિસમાં જોડાયા હતા.

મલિકે ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, ગાંધીનગર અને નર્મદા સહિતના જિલ્લાઓમાં અગાઉ ફરજ બજાવી હતી. તેઓ લાંબા સમયથી કેન્દ્રમાં ડેપ્યુટેશન પર હતા અને રાજ્ય સરકારે અમદાવાદ કમિશ્નર તરીકે તેમની નિમણૂંક કરી હતી. આ પહેલા સિટી ક્રાઈમના JCP પ્રેમવીર સિંહ પાસે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરનો ચાર્જ હતો. જેમની બદલી અમદાવાદ રેન્જ IG તરીકે કરવામાં આવી છે.

પોલીસ કમિશ્નર પદ છેલ્લા ત્રણ મહિનાથી ખાલી હતુ. IPS અધિકારી સંજય શ્રીવાસ્તવ નિવૃત્ત થયા બાદ અમદાવાદ પોલીસ કમિશ્નરની જગ્યા ખાલી હતી. જેને લઈ ચર્ચાઓ નવા અધિકારીની પસંદગીને લઈ ત્રણ મહિનાથી ચાલી રહી હતી. કમિશ્નરનો ચાર્જ શહેરની ક્રાઈમ બ્રાન્ચના JCPપ્રેમવીર સિંહને સોંપવામાં આવ્યો હતો. ત્રણ મહિનાથી તેઓએ પોલીસ કમિશ્નરનો ચાર્જ સંભાળ્યો હતો. આ





દરમિયાન રથયાત્રા બંદોબસ્ત સફળ રીતે શહેરમાં જાળવવામાં આવ્યો હતો. પ્રેમવીર સિંહને હવે અમદાવાદ રેન્જના IG પદે નિમણૂંક કરવામાં આવી છે. IPS અધિકારી જીએસ મલિક ત્રણ દશકનો અનુભવ ધરાવે છે. તેઓ CISF અગાઉ BSF માં IG તરીકે પોસ્ટીંગ ધરાવતા હતા. નવા કમિશ્નર મલિક B.Tec અને L.L.B. સુધી અભ્યાસ કર્યો છે. BSF માં તેઓ ગુજરાતમાં જ ફરજ પર હતા અને આ દરમિયાન તેઓએ કચ્છ બોર્ડરે પાકિસ્તાની બોટ ઘૂસી આવવા સામે મહત્વનુ અભિયાન હાથ ધર્યુ હતુ. તેઓના કાર્યકાળ દરમિયાન બોટ અને પાકિસ્તાનીઓને ઝડપવામાં આવ્યા હતા. IPS અધિકારી તરીકે કરિયરની શરુઆતે તેઓ કચ્છ જિલ્લામાં ASP તરીકે ફરજ બજાવી હતી. જ્યારે ભરુચ SP રહેતા તેઓએ છોટુ વસાવા સામે ફરીયાદો નોંધી હતી.

**પુષ્પવર્ષા સાથે અપાઈ ઉષ્માપૂર્ણ વિદાય**

## DG તરીકે નિમણુક પામેલા કમિશનર ડો શમશેરસિંઘનો વિદાય સમારંભ યોજાયો

**પોલીસનું નાનું કામ પણ સમાજ માટે ઘણું મોટું હોય છે**

। વડોદરા, તા.૩૧ ।

રાજ્યના લો એન્ડ ઓર્ડર DG તરીકે બદલી પામેલ IPS શમશેર સિંઘની વડોદરા પોલીસ કમિશ્નર પદેથી થયેલી બદલી બાદ વડોદરાની ખાનગી હોટેલ ખાતે યોજાયેલ વિદાય સમારંભમાં પ્રવચન આપતા જણાવ્યું હતું કે પોલીસનું દરેક કામ સમાજ માટે છે, પોલીસનું નાનું કામ પણ સમાજ માટે ઘણું મોટું હોય છે. તાજેતરમાં ગૃહ વિભાગ દ્વારા રાજ્યના ૭૦ IPS ઓફિસરોની બદલી કરવામાં આવી તેમાં ૧૯૯૧ બેચના IPS વડોદરાના પોલીસ કમિશ્નર શમશેર સિંઘની પણ બદલી કરવામાં આવી છે. કડક અને શિસ્તબદ્ધ અધિકારીની છાપ ધરાવતા IPS શમશેર સિંઘ હવે રાજ્યની કાયદો વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાની જવાબદારી નિભાવશે. ગુજરાતના લો એન્ડ ઓર્ડર DG તરીકે તેઓની નિમણૂક કરવામાં આવી છે. વર્ષો પૂર્વે વડોદરામાં DG તરીકે ફરજ બજાવી ચૂકેલ ડૉ શમશેરસિંઘ રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં મહત્વની જગ્યાઓ પર ફરજ બજાવી ચુક્યા છે. ગાંધીનગર રેન્જ આઈજી, સુરત રેન્જ આઈજી, સી.આઈ.ડી. ક્રાઈમ અને ACBમાં પોતાની ફરજ દરમ્યાન મહત્વપૂર્ણ કામગીરી કરી હતી.સુરત માં જ્યારે લઠ્ઠાકાંડ સર્જાયો હતો ત્યારે સરકારે તેઓની રેન્જ આઈજી તરીકે અને નિર્લિપ્ત રાયની સુરત SP તરીકે નિમણૂક કરી હતી, જુનિયર સિનિયર IPSની આ જોડીએ દારૂના બુટલેગરો અને માફિયાઓમાં ત્રાડ બોલાવી દીધી હતી, આ IPS જોડીએ તે સમયે માત્ર ગુજરાતમાંજ નહીં ગુજરાતની હદ બહાર દમણમાં જઈને પણ દારૂ માફિયાઓ વિરુદ્ધ સફળ ઓપરેશન પાર પાડી ઈતિહાસ સર્જ્યો હતો. શમશેરસિંઘ માટે કહેવાય છે કે તેઓને જે પણ બ્રાન્ચ સોંપવામાં આવે અથવા જે પણ જવાબદારી સોંપવામાં આવે તેમાં નવા પ્રાણ પુરી દે છે. Acbમાં લાંબા સમય સુધી રહેલ



શમશેરસિંઘ દ્વારા લંચિયા અધિકારીઓ વિરુદ્ધ જુદીજ પદ્ધતિઓ અપનાવી મોટા કેસો કર્યા હતા જેમાં RTO ચેકપોસ્ટ પર ચાલતા મોટા કૌભાંડોને અટકાવ્યા હતા.વડોદરામાં પણ જ્યારે તેઓની નિમણૂક કરવામાં આવી ત્યારે શી ટીમને ચેતનવંતી બનાવી મહિલાઓ અને સિનિયર સીટીઝનને જરૂરત સમયે મદદ મળી રહે., મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ અટકે, છેડતીબાજો અને રોમિયો અંકુશમાં રહે તેવા પ્રયાસો કર્યા. રાજ્યભરમાં વડોદરાની શી ટીમની કામગીરી નોંધપાત્ર બની છે. વડોદરાની ખાનગી હોટેલમાં યોજાયેલ IPS ડૉ શમશેર સિંઘના વિદાય સમારંભમાં તેઓએ પોતાના પ્રવચનમાં શી ટીમની કામગીરીનો પણ ઉલ્લેખ કરતા વડોદરા પોલીસને સમાજ માટે કામ કરવા આહ્વાન કર્યું હતું, પોલીસનું નાનુ કામ પણ સમાજ માટે મોટું હોય છે તેવી શીખ ઉપસ્થિત પોલીસ અધિકારીઓને આપી હતી. વડોદરા શહેરના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપરાંત વડોદરા રેન્જ આઈજી સંદીપ સિંઘ, ગ્રામ્ય પોલીસ વડા રોહન આનંદ, પશ્ચિમ રેલવેના જૅ રાજેશ પરમાર SRP ગ્રૂપ કમાન્ડન્ટ ચુડાસમા, સહિતના વડોદરા સ્થિત ગુજરાત પોલીસની અન્ય એજન્સીઓના સિનિયર અધિકારીઓ, જિલ્લા કલેકટર અતુલ ગૌર, જિલ્લા વિકાસ અધિકારી મમતા હીરપરા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર અર્પિત સાગર સહિતના અધિકારીઓ વિદાય સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા.

**આગામી ૨જી ઓગસ્ટના રોજ આરોપીને સજાનું એલાન**

## સચિનમાં બાળકી સાથે થયેલા દુષ્કર્મનો કેસ, આરોપી દોષિત જાહેર

**સચિન વિસ્તારમાં ૫ મહીના પહેલા બે વર્ષીય બાળકી પર દુષ્કર્મ આચરી તેની હત્યા કરી દેવામાં આવી હતી**

। સુરત, તા.૩૧ ।

સુરતના સચિન સ્થિત કપલેઠા વિસ્તારમાં રહેતા એક પરિવારની બે વર્ષીય બાળકીને તેના પિતાનો મિત્ર આરોપી ઈસ્માઈલ ઉર્ફે યુસુફ સલીમ હજાદ બાળકીને રમાડવા આવ્યો હતો અને બાળકીને પોતાની સાથે લઇ ગયો હતો. બાળકી મોડે સુધી ઘરે પરત નહી આવતા પરિવારે બાળકીની શોધખોળ હાથ ધરી હતી અને બનાવની જાણ પોલીસને કરી હતી. બનાવની ગંભીરતા જોઈ પોલીસ તપાસમાં જોડાઈ હતી દરમ્યાન બાળકીની લાશ બંધ મકાનના કમ્પાઉન્ડમાંથી મળી આવી હતી.

આ ઘટનામાં આરોપી ભાગવામાં સફળ રહે તે પહેલા જ પોલીસે ઝડપી પાડયો હતો. આરોપીએ બાળકી પર દુષ્કર્મ આચરી તેની હત્યા કરી નાખી હતી. બે વર્ષની બાળકી સાથે નરાધમે પેટના ભાગે બચકા ભર્યા હતા. ત્યારે ૫ મહિનામાં જ આ કેસ સુરતની કોર્ટમાં ચાલી ગયો હતો. આરોપીને કોર્ટે દોષિત જાહેર કર્યો છે અને આગામી ૨જી ઓગસ્ટના રોજ આરોપીને સજાનું એલાન થશે.બનાવ અંગે સરકારી વકીલ નયનભાઈ સુખડવાલાએ જણાવ્યું હતું કે ૨૭ ફેબુઆરીના રોજ સચિનના કપલેઠા ગામે ૨ વર્ષીય બાળકી પર આરોપી ઈસ્માઈલ ઉર્ફે યુસુફ સલીમ હજાદએ દુષ્કર્મ આચર્યું હતું અને દુષ્કર્મ બાદ હત્યા કરી હતી. એટલું જ નહી બાળકીના પેટના ભગે બચકા ભરી ઈજા પણ પહોચાડવામાં આવી હતી. આ કૃત્ય બાદ આરોપી બાળકીની લાશને ફેકીને ભાગી ગયો હતો. પોલીસે આ આરોપીને ૨૮ ફેબુઆરીના રોજ ઝડપી પાડ્યો હતો. આ કેસમાં ટુક સમયમાં જ ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી. આ બનાવના ૫ મહિનામાં જ આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરતના છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ સંકુલતા સોલંકીની કોર્ટમાં ચલાવવામાં આવી હતી. આજે આરોપીને આઈપીસી કલમ ૩૦૨,૩૬૩, ૩૬૬, પોસ્કો એક્ટ ૩૭૬, એ,બી,૩૭૭ વગેરે કલમ હેઠળ દોષિત જાહેર કરાયો છે. આરોપીને દોષિત જાહેર થયા બાદ સજા અંગે આજે દલીલો કરવામાં આવી હતી.બાળકી પર જે ક્રુરતાથી દુષ્કર્મ બાદ હત્યા કરવામાં આવી હતી તે જોતા આરોપીને કડકમાં કડક સજા એટલે કે ફાંસીની સજા અને બાકીની કલમ હેઠળ પણ કડક સજાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત ભોગબનનારને વળતરની માંગ પણ કરવામાં આવી છે. આ અંગે વધુ ચુકાદો ૨જી ઓગસ્ટના રોજ આરોપીને સજાનું એલાન થશે.

## અપહરણ બાદ લૂંટનું નાટક, પોલીસે ઉકેલ્યો ગુનાનો ભેદ

। રાજકોટ, તા.૩૧ ।

રાજકોટમાંથી બંટી-બબલી પકડાયા છે. બંનેએ મળી અપહરણ અને લૂંટનું તરકટ રચ્યું હતું. વાત એમ છે કે, હાર્દિક ટાંક નામના યુવકને તેનો શેઠ સોનાના ૨ બિસ્કિટ લેવા સોની બજારમાં મોકલે છે. હાર્દિક આ વાતની જાણ તેની ફ્રેન્ડ કોમલ ગોસાઈ અને હસનૈનને કરે છે. ત્રણેય મળી પહેલા તો હાર્દિકના અપહરણનું તરકટ રચે છે. બાદમાં ૧૨ લાખ, ૬૫ હજારની લૂંટ થઈ હોવાનું નાટક કરે છે. જો કે, પોલીસ તપાસમાં ભાંડો ફૂટી જતાં કોમલ અને હસનૈનની ધરપકડ કરાઈ છે. મુખ્ય આરોપી હાર્દિકની પોલીસે શોધખોળ શરૂ કરી છે.શહેરના યુનિવર્સિટી રોડ ઉપર ટૂર એન્ડ ટ્રાવેલર્સની કંપની સાથે ગોલ્ડ સ્કીમનો વેપાર કરતા પ્રતિકભાઈ ચંદ્રકાંતભાઈ ભીમજીયાણીએ ફરિયાદ નોંધાવી હતી. તેમની ઓફિસમાં છેલ્લા પાંચેક વર્ષથી કામ કરતો હાર્દિક સુરેશભાઈ ટાંક નામનો કર્મચારીને સોની બજારમાં આવેલા પોતાના ભાગીદારની દુકાને અંદાજિત રૂપિયા પાંચ લાખ રોકડા આપવા અને બે જેટલા ૧૦૦ ગ્રામના સોનાના બિસ્કીટ લાવવા માટે મોકલ્યો હતો. આ દરમિયાન હાર્દિક અચાનક ગુમ થઈ ગયો હતો. બાદમાં તેનો અન્ય નંબર ઉપરથી ફોન આવ્યો હતો.

## BU પરમિશન બાદ ૪૫ દિવસમાં પ્રોપર્ટી ટેક્ષ આકારણી થશે

**બી.યુ.પરમિશન આપવામાં આવેલી મિલકતની બી.યુ. પરમિશનની નકલ પ્રોપર્ટી ટેક્ષ ખાતાના જે-તે ઝોનમાં મોકલવામાં આવે છે**

। અમદાવાદ, તા.૩૧ ।

GPMC એક્ટની જોગવાઈ અનુસાર બી.યુ. પરમિશન તારીખથી મિલકતની ટેક્ષની આકારણી કરવાની થાય છે. હાલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જે-તે ઝોનના એસ્ટેટ ખાતા દ્વારા નવી મિલકતને બી.યુ પરમિશન આપવામાં આવે છે. બી.યુ.પરમિશન આપવામાં આવેલી મિલકતની બી.યુ. પરમિશનની નકલ પ્રોપ ર્ટી ટેક્ષ ખાતાના જે-તે ઝોનમાં મોકલવામાં આવે છે. તેને આધારે પ્રોપર્ટી ટેક્ષના વોર્ડ ઈન્સ્પેક્ટર બી.યુ પરમિશન મળેલી હોય તેવી મિલકતની સ્થળ જઈને માપણી કરે છે અને માલિકી અંગેના પુરાવાઓ મેળવી મિલકતની ટેક્ષની આકારણી કરે છે. તે રીતે જે-તે નવી મિલકતની આકારણી કરવામાં આવે છે. અત્યાર સુધી ઉપરોક્ત કામગીરીમાં એસ્ટેટ ખાતા દ્વારા માહિતી મોકલવામાં વિલંબ થાય તેમ જ ટેક્ષ ડિપાર્ટમેન્ટના વોર્ડ ઈન્સ્પેક્ટર દ્વારા આકારણી કરવામાં પણ ઘણીવાર વિલંબ થતો હોવાનું ધ્યાને આવ્યું છે. AMC રેવન્યૂ કમિટી ચેરમેન જૈનિક વકીલે જણાવ્યુ હતુ કે, હાલ એસ્ટેટ ખાતાને જાણ કરવામાં આવી છે કે બી.યુ પરમિશન આપવામાં આવે કે તાત્કાલિક જ પ્રોપર્ટી ટેક્ષ વિભાગને જાણ કરવામાં આવે, તેમ છતાં અત્યારે નવી મિલકતોની આકારણી કરવામાં ઘણો વિલંબ થાય છે. ઉપરોક્ત વિલંબનું નિવારણ થાય તે હેતુથી હવે બી.યુ. પરમિશન મળ્યાના ૪૫ દિવસમાં નવી મિલકતની આકારણી કરવામાં આવશે. એસ્ટેટ ખાતા ખાતા દ્વારા બી.યુ. પરમિશન આપવામાં આવે તેના ૧૦ દિવસમાં જ તમામ માહિતી પ્રોપર્ટી ટેક્ષ વિભાગમાં પહોંચે તેવી વ્યવસ્થા કરવા એસ્ટેટ વિભાગને જાણ કરવામાં આવશે. બી.યુ પરમિશનની તારીખથી જે-તે ઝોનના વોર્ડ ઈન્સ્પેક્ટર દ્વારા માપણી કરી ૪૫ દિવસ સુધીમાં તેની આકારણી કરી દેવામાં આવશે. ઉપરોક્ત કામગીરીમાં જો વિલંબ થશે તો જે-તે કર્મચારીની જવાબદારી નક્કી કરવામાં આવશે. તેમની ઉપર શિક્ષાત્મક પગલાં પણ લેવામાં આવશે. આ પ્રકારનો પરિપત્ર ટેક્ષ ખાતા દ્વારા કરવામાં આવશે. તેમજ એસ્ટેટ ખાતાને પણ આ બાબતે જાણ કરવામાં આવશે. નાગરિકોને ટેક્ષ બીલની એડ્રેસ પ્રુફ તથા અન્ય સરકારી કચેરીઓમાં એક પુરાવા તરીકે જરૂર હોય છે. આ પ્રમાણે બી.યુ. તારીખ પછી ટૂંક સમયમાં કરદાતાઓને ટેક્ષ બીલ મળી શકશે. સામાન્ય રીતે જ્યારે ટેક્ષ બીલ આપવામાં આવે છે ત્યારે માલિકી પુરાવાના અભાવે બિલ્ડરના નામે બીલ આપવામાં આવે છે અને ખરીદનારનું નામ દસ્તાવેજ થયા પછી પુરાવાના આધારે ટેક્ષમાં ચઢાવવામાં આવે છે.





ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર

ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો

આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો

દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર “ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત” દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...

cnngujarat@gmail.com


માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨